સુવિચાર
એક મીણબત્તી જયારે બીજી મીણબત્તીને પ્રજવલિત કરે છે, ત્યારે તે પોતે કાંઈ ગુમાવતી નથી !
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૬/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

હરિ ૐ PENDAWALA SINCE 1999
દર રવિવારે
શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ જેઠ વદ-૪ વર્ષ : ૧૬ અંક : ૧૫૮

## હળવા ઝાંપટાથી લઈને દોઢેક ઈંચ જેટલો વરસાદ પડતા ખૂશીનો માહોલ

# અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારોમાં વરસાદ

હવામાન વિભાગની આગાહી પ્રમાણે એક અઠવાડીયાનાં વિરામ બાદ વરસાદનું આગમન

બાબરા, કુંકાવાવ, ધારી, ગીર વિસ્તાર, વડિયા, ખાંભા, બગસરામાં પણ વરસાદ

અસહૃા ઉકળાટ બાદ મેઘાની પધરામણી થતાં સૌ કોઈમાં આનંદની લાગણી

અમરેલીમાં-૮, વડિયામાં-૯, બાબરામાં-૧૨, બગસરામાં-૫ મી.મી. વરસાદ નોંધાયો



અમરેલી, તા. ૧૪

હવામાન વિભાગે સૌરાષ્ટ્ર ગુજરાતમાં વરસાદ પડવાની કરેલી આગાહી પ્રમાણે અમરેલી શહેર સહિત જિલ્લાના અનેક ભાગોમાં આજે એક અઠવાડિયાના વિરામ બાદ ગાજવીજ સાથે હળવા ઝાપટાથી લઈ ધોધમાર વરસાદ પડતા માર્ગો ઉપર વરસાદી પાણી વહી ગાયબ હતા. જયારે અમરેલીનાં ગ્રામ્ય પંથકના બાબાપુર, વાંકીયા, માચીયાળા, ઈરીયા સહિતના ગામોમાંવરસાદ પડયોહતો. આઉપરાંત જિલ્લાના ધારી શહેર તથા ગીરના વિસ્તારના ગોવિંદપુર, કુબડા, માલસીકા, બોરડી ગામમાં અસહૃા બફારા બાદ ગાજવીજ સાથે ધોધમાર વરસાદનુંઆગમનથયુંહતું.

બાબરા શહેરમાં તથા ગળકોટડી, ખાખરીયા, દરેડ, જામબરવાળા, ચમારડી, વલારડી સહિતના ગામોમાં વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકયો હતો. જયારે બાબરા શહેરની બજારોમાં વરસાદી પાણી વ્હેતા થયા હતા.

બગસરાશહેરસાથેગ્રામીણ વિસ્તાર ખારી, ખીજડીયા, હડાળા, પીઠડીયા, માવજીંજવા, નવા જૂના વાઘણીયા સહિતના ગામડાઓમાં પણ આજે વરસાદીઝાપટાઓ પડયાહતા.

વડીયા-કુંકાવાવ

અનુસંધાન પાના ૬ ઉપર

## નાના બાળકથી માતા કંટાળીને જીવ ગુમાવી દીધો

# ખાંભાનાં ગ્રામ્ય વિસ્તારની મહિલાએ પોતાનાં પુત્રનાં કજીયાથી કંટાળી ઝેર પી લીધુ

### સારવાર દરમિયાન પરિણીતાનુ મોત નિપજયુ

અમરેલી, તા. ૧૪

ખાંભા તાલુકાના ભુંડણી ગામે હીરાપરામાં રહેતા અસ્મિતાબેન અશ્વિનભાઈ મહિડા નામના ૩૦ વર્ષિય પરિણીતાનો નાનો દિકરો ખુબ જ કજીયા કરતો હોય, જેથી કંટાળી જતા મનમા લાગી આવતા તા. ૧૨ ના રોજ ૧૧/૪૫ વાગ્યે પોતાના રહેણાંક મકાને મગફળીના દાણામાં પટ મારવાની ઝેરી દવા તેણી પી જતા સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## રાજુલાનાં યુવક વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

# રાજુલાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક તરૂણી સાથે ઘરમાં ઘુસીને દુષ્કર્મ આચર્યુ

### દુષ્કર્મ કર્યા બાદ ધમકી આપી આરોપી રવાના થયો

અમરેલી, તા. ૧૪

રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંરહેતીએક ૧૬ વર્ષિયતરૂણી ગત તા. ૧૭/૫ રોજ ૧ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે રસોડામા એકલા હતી. તે દરમ્યાન રાજુલા ગામે રહેતા ભગીરથભાઈ ભરતભાઈ ધાખડા નામના આરોપી રસોડામા આવી તરૂણીનુ મોઢુ દબાવી દઈ શરીરે છેડછાડ કરતાં તેણીએ કહેલ કે આવુ કરવાની ના પાડી હું નાની છુ રહેવા દે તેમ કહેવા છતા આરોપીએ તેણીનુ મોઢુ દબાવી રાખી જમીન પર સુવડાવી દઈ તરૂણીની મરજી વિરૂધ્ધ પરાણે જબરજસ્તીથી શરીર સબંધ બાંધી બળાત્કાર કરી શરીર સુખ માણી તરૂણીને ધમકી આપેલ કે આ બનાવની વાત કોઈને કરતી નહિ નહિતર તારા બાપુજીને મારી નાખીશ તેવી ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પથરી અને ડાયાબિટિશની બીમારીએ પરેશાન કર્યા

# સાવરકુંડલા : આંબરડી ગામની વૃધ્ધાએ બીમારીથી કંટાળીને એસિડ પી લીધુ

### સારવાર દરમિયાન વૃધ્ધાનુ મોત નિપજયુ

અમરેલી, તા. ૧૪

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે રહેતા અંબાબેન હરજીભાઈ અમરાભાઈ પરમાર નામના ૬૭ વર્ષિય વુધ્ધાને જઠરાગ્નિમાં પથરી હોય, અને જેનો અસહૃા દુઃખાવો તેમજ ડાયાબિટીસ કંટ્રોલ થતું ન હોય જેથી કંટાળી જઈ ગત તા. ૧૨ ના રોજ ૧/૧૫ વાગ્યાના અરસામાં આંબરડી ગામે એસિડ પીજતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલામાં ગુન્હો કરી નાસતા-ફરતા બંને આરોપીની અટકાયત કરાઈ

### બંને આરોપીઓ સતત લોકેશન બદલતા હતા

અમરેલી, તા. ૧૪

રાજુલા પોલીસ ઈન્સ. એ.ડી. ચાવડાની રાહબારી હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા રાજુલા પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય સહિતાની કલમ ૧૧૫(૨), ૧૧૮(૨) ,૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો આચરી રાજુલા ગામે રહેતા લાલજીભાઈ ઉર્ફે લાલો કાનાભાઈ ખાંભલા તથા પ્રતિક અરજણભાઈ વાળા નામના બન્ને આરોપીઓ પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા સારૂ નાસી ગયેલ હોય અને સદરહુ બનાવની ગંભીરતા ધ્યાને લઈ ટેકનીકલ તથા હયુમન સોર્સ આધારે બન્ને આરોપીના દરરોજ પોતાના લોકેશનો બદલતા હોય અને અલગ અલગ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હોય જે બન્ને આરોપીને ઝડપી પાડી આગળની કાર્યવાહી કરવામાંઆવેલછે.



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૪/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 9737028181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી Mo. 9825091721
સુવર્ણ અલંકારોની વિસ્તૃત શ્રેણી ગારીયાધાર શહેરને આંગણે...
સોનાના 22CT હોલમાર્ક તથા ચાંદીના દાગીનાનું
જ્વેલરી એક્ઝીબિશન
૧૫ રવિવાર જુન - ૨૦૨૫
સમય : ૧૦:૦૦ થી ૬:૦૦
શ્રી લોહાણા મહાજન વાડી, 'હરી ઓમ હોલ', શંભુશેરી, ગારીયાધાર
Branch
નિલકંઠ જવેલર્સ
(અમરેલીવાળા)
ભગવતી શરદ ફુડની સામે, જયરાજ પ્લોટ, પેલેસ રોડ,રાજકોટ, Mo.9537525000

## અનુસૂચિત જાતિ, જનજાતિ અને ઓબીસી વર્ગનાં ગરીબ બાળકોની પરેશાની

# અમરેલીમાં છેલ્લા ૪ વર્ષથી ડો. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલય બંધ

### અવારનવાર રજૂઆત છતાં વૈકલ્પિક સ્થળે પણ સુવિધા ઉભી કરવામાં આવતી નથી

### ગરીબ અને તેજસ્વી બાળકોનું ભવિષ્ય છાત્રાલયનાં અભાવે રોળાઈ રહ્યું છે

### ગરીબ વિદ્યાર્થીઓ મકાન ભાડે રાખીને અભ્યાસ મેળવવા મજબુર બની રહ્યા છે

### સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે ઉચ્ચકક્ષાએ પત્ર પાઠવીને યોગ્ય કરવા માંગ કરી છે

અમરેલી, તા. ૧૪

અમરેલી શહેરમાં ડો. બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલય હાલમાં ખંઢેર અને જર્જરિત બિલ્ડીંગ પડુપડુ હાલતમાં આવેલી છે. જેથી ચાર વર્ષ પહેલા સરકારે સબંધિત વિભાગના રિપોર્ટના આધારે બંધ કરેલ છે.

અમરેલી શહેરમાં સાવરકુંડલા રોડ પર આવેલ ડો. આંબેડકર કુમાર છાત્રાલયમાં રહી અનુસૂચિત જાતિ, જન જાતિ અને ઓબીસી વર્ગના ગરીબ બાળકો અભ્યાસ કરતા હતા. જે સુવિધા છેલ્લા ચાર વર્ષથી છીનવાઈ ગયેલ છે.

અમરેલી શહેરમાં આવેલ ડો. આંબેડકર કુમાર છાત્રાલય છેલ્લા ચાર વર્ષથી બંધ હાલતમાં છે, કોઈ અન્ય જગ્યાએ પણ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે ચાલુ કરવામાં આવેલ નથી કે ચાર વર્ષમાં સરકાર નવું બિલ્ડીંગ બનાવી છાત્રાલય ચાલુ પણ કરી શકી નથી. જેથી અનેક ગરીબ તેજસ્વી વિદ્યાર્થીઓનું ભવિષ્ય છાત્રાલયના અભાવે રોળાઈ રહ્યું છે. વિદ્યાર્થીઓ મકાન ભાડે રાખી રહેવા મજબુર બન્યા છે.

હાલનું છાત્રાલયનું બિલ્ડીંગ છે તેમાં વિદ્યાર્થીઓ રહી અભ્યાસ કરી શકે તેમ નથી જેથી વિદ્યાર્થીઓ પર તોળાતા મોતના જોખમ સામે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ચલાવવામા આવતું આ છાત્રાલય ચાર વર્ષ પહેલા બંધ કરી દેવામાં આવેલ છે. આ સરકારી છાત્રાલય બંધ કર્યા પછી વૈકલ્પિક કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ નહોવાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડી રહ્યું છે.

હાલ તો અમરેલી શહેરના સાવરકુંડલા બાયપાસ ચાર રસ્તાની બાજુમાં આવેલ ડો. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલયના બિલ્ડીંગની હાલત સાવ નાજુક અને ખંઢેર બની ગયેલ છે. અહીં કુમાર છાત્રાલયનું બિલ્ડીંગ ગમે ત્યારે ધરાશાયી થાય તેવી પણ ભિતી સેવાઈ રહી છે. હાલ આ ખંઢેર અને જર્જરિત છાત્રાલયમાં વિદ્યાર્થીઓને ચાર વર્ષથી એડમિશન આપવામાં આવતું નથી.

જેના કારણે બિલ્ડીંગમાં ગમે ત્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા તંત્ર દ્વારા આ બિલ્ડીંગને તોડી પાડી નવું બિલ્ડીંગ બનાવવામાં આવે તે જરૂરી બન્યું છે. અનેક રજૂઆત કરવા છતાંય આ સરકારમાં કોઈ જ ધ્યાન આપતું નથી.

અનુસૂચિત જાતિ અને જન જાતિ તેમજ ઓબીસીના બાળકો હોસ્ટેલમાં રહી અભ્યાસ કરી શકે તે માટે અમરેલી શહેરના સાવરકુંડલા બાયપાસ ચાર રસ્તા નજીક ડો. બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલય છેલ્લા વીસેક કરતા વધુ વર્ષથી આવેલ હતું જે છેલ્લા ચાર વર્ષથી બિલ્ડીંગ જર્જરિત હોવાના કારણે બંધ હાલતમાં છે.

આ છાત્રાલયમાં આજુબાજુના જિલ્લા, તાલુકા, ગામડાઓ અને અન્ય શહેરમાંથી પણ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવતા હતા.

હાલમાં છાત્રાલયના બિલ્ડીંગની હાલત અતિ બિસ્માર માં જોવા મળે છે અને બિલ્ડીંગ ક્યારે ધરાશાયી થાય તે નક્કી જ નથી. જેના કારણે વિદ્યાર્થીઓના જીવ જોખમમાં હોવાના કારણે અન્ય જગ્યાએ ભાડે મકાન મેળવી કુમાર છાત્રાલય ચાલુ કરવા માટે નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ તરફથી તાત્કાલિક કાર્યવાહી થવી જોઈએ.

ચાર વર્ષ પહેલા બંધ કરવામાં આવેલ છાત્રાલય આ નવા સત્રથી ફરી શરૂ કરવામાં આવે જેથી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે અને ભણતર અને ભવિષ્ય પર ખરાબ અસર ન પડે.

અમરેલી ખાતે આવેલ ડો. આંબેડકર સરકારી કુમાર છાત્રાલય બંધ થતા અનુસૂચિત જાતિ, જન જાતિ અને ઓબીસી વર્ગના વિદ્યાર્થીઓના બંધારણીય અને માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે.

આ બધી બાબતોને ધ્યાને લઈ અનુસૂચિત જાતિ, જન જાતિ અને ઓબીસીના બાળકોને હોસ્ટેલમાં રહી અભ્યાસ કરવાનો લાભ મળે તે માટે તાત્કાલિક અમરેલી શહેરમાં છેલ્લા વર્ષથી બંધ કરવામાં આવેલ ડો. બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલયનું નવું બિલ્ડીંગ બનાવવામાં આવે અને આ બિલ્ડીંગ બની તૈયાર થાય ત્યાં સુધી શહેરમાં કોઈ જગ્યાએ બિલ્ડીંગ ભાડે રાખી વિદ્યાર્થીઓ માટે રહેવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે, ગરીબ વર્ગના બાળકોના અભ્યાસ માટે રહેવા, જમવા સાથેની હોસ્ટેલની સુવિધા આપવા અંતમાં માંગ કરેલ છે.

---

### નિરાધાર બનેલ પશુપાલકને સહારો મળ્યો

## બગસરાનાં શાપર ગામે ૩૨ ઘેટા–બકરાનો શિકાર સિંહે કર્યા બાદ વળતર ચુકવાયુ

### વનવિભાગે ૧.૬૦ લાખની રકમ ચૂકવી


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૪

થોડા દિવસ પહેલા સાપર ગામમાં સિંહ દ્વારા ગામની અંદર આવેલા એક ભરવાડના વંડામાં ઘુસી એક સાથે ૩૨ ઘેટાં બકરાંને મોતને ઘાટ ઉતારીયા હતા ત્યારે આ ભરવાડ સમાજ પોતાનું ગુજરાન આ ઘેટાં બકરાંના સહારે ચલાવતો હતો અને પોતે અપંગ હોવાથી જગલ ખાતા દ્વારા આ શાપર ગામના રહીશ શિયાળ મનસુખભાઈ પાંચાભાઈના ઘેટાં બકરા કુલ ૩૨નું વન્યપ્રાણી સિંહ દ્વારા તા. ૧૦/૬/૨૫ના મારણ કરતા આજ રોજના માલઢોર માલિકના ઘરે જઈને રૂબરૂ મળીને કુલ રૂા. ૧૬૦૦૦૦ માલ ઢોરના સહાયના વળતર પેટે ચેક ચૂકવેલ હતો જેથી આ માલ ઢોર માલિકને ફરી માલ ઢોર લઈ પોતાનું ગુજરાન ચલાવી શકે.

---

### ખાતુ અલગ કરવાના ખર્ચ માટે ડખ્ખો

## રાજુલાનાં ઝીંઝકા ગામે સંયુકત જમીન બાબતે ભાગીદારો વચ્ચે માથાકુટ

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૪

રાજુલા તાલુકાના ઝીંઝકા ગામે રહેતા ટીણુભા વનરાજસિંહ વાળાની તથા આરોપી મહોબતસિંહ મંગળસિંહ વાળાની સંયુકત જમીન હોય અને આરોપીને તેનુ અલગ ખાતુ કરવુ હોય, જેથી ટીણુભાએ આરોપીને કહેલ ખાતુ અલગ કરવુ તો અડધો ખર્ચો તમારે દેવાનો રહેશે. તેથી આરોપીએ કહેલ ખર્ચો તારે દેવાનો છે. જેથી ટીણુભાએ સંપૂર્ણ ખર્ચો આપવાની ના પાડતા તે બાબતનું મનદુઃખ રાખી આરોપીએ ટીણુભાને માથાના ભાગે તથા કપાળના ભાગે લાકડીનો એક ઘા મારી ગંભીર ઈજા કરી ભુંડાબોલી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

---

### રાજકોટ ખાતે લગ્ન થયા બાદ

## જાફરાબાદની મહિલા વકીલને સાસરીયાઓનો ત્રાસ હોય ફરિયાદ

### વકીલાત કરવાની મંજુરી બાદ સાસરીયાઓ ફરી ગયા

અમરેલી, તા. ૧૪

જાફરાબાદ ગામે આવેલ ગાયત્રી સોસાયટીમાં રહેતા માયાબેન હાર્દિકભાઈ વ્યાસ નામના નામના ૨૯ વર્ષિય મહિલા વકીલને રાજકોટ ગામે ૧૫૦ ફુટ રિંગ રોડ ઉપર ગોવર્ધન ચોક, માધવપાર્ક–૨, શેરી નં.૧, રાંદલ ભુવનમાં રહેતા આરોપી હાર્દિકભાઈ જયસુખભાઈ વ્યાસ, જયસુખભાઈ લીલાતરભાઈ વ્યાસ તથા જાગૃતિબેન જયસુખભાઈ વ્યાસએ લગ્ન સમયે તેણીને વકીલાત કરવા દેવાની શર્તે લગ્ન કરેલ હતા. અને લગ્ન બાદ આરોપીઓ દ્વારા ગત.તા.૯ના રોજ રાત્રીના આશરે નવેક વાગ્યાથી તા.૧૦ના રાત્રીના ૨ વાગ્યા દરમ્યાન વકીલાત ન કરવા દેવા બાબતે બોલાચાલી કરી તેણીને તેના વાળ પકડીને ઢસડેલ ભુંડાબોલી ગાળો આપેલ તેમજ ધમકી આપેલ તેમજ ઘરની બહાર નીકળવાનું કહી ધક્કો મારી બાદમાં ત્રણેય આરોપીએ તેણી સાથે માથાકુટ કરી માનસીક શારીરીક દૂઃખ ત્રાસ આપી મારી નાખવાની ધમકીઓ આપી મેણા ટોણા માર્યાની જાફરાબાદ પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

---

### શ્રીમતી ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કુલમાં

## રાજુલા ખાતે માર્ગ સલામતી અંગે માહિતી આપવામાં આવી


તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા.૧૪

રાજુલા શ્રીમતી ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કુલમાં વિવિધ આયામો દ્વારા વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ થાય તે સંદર્ભે માહિતી આપી શિક્ષણ કાર્ય થાય છે. માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુ તથા થોડી બેદરકારીને કારણે જીવનના જોખમને ટાળવા માર્ગ અકસ્માત નિવારણ માટેના સુચનો આપવામાં આવ્યા. જેમાં ટ્રાફીક નિયમો વિવિધ સંજ્ઞાઓની ઓળખ કરી વાહન ચલાવવા વિશે માહિતી શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષણ દિનેશભાઈ કરંગીયા તથા માધ્યમિક વિભાગના શિક્ષક સુમિતાબેન દ્વારા આપવામાં આવી.

બારમી જુન અમદાવાદમાં થયેલ ગોઝારા વિમાન અકસ્માતમાં મૃત્યુ પામેલ દિવંગત આત્માઓને તથા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને મૌન શ્રદ્ધાજંલિ આપવામાં આવી હતી. ઉપરોકત બંને સમગ્ર શાળા પરિવાર દ્વારા આયોજીત કરવામાં આવ્યા હતા.


---

## ચલાલાનાં રઘુવંશી સમાજનાં અગ્રણી ગુણવંતભાઈ તન્ના રાણાનું નિધન

ચલાલા, તા. ૧૪

ચલાલા દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટના પ્રમુખ અને રઘુવંશી સમાજના શ્રેષ્ઠ આગેવાન ગુણવંતભાઈ તન્ના રાણાનું દુઃખદ નિધન.

ચલાલાના વતનની અને હાલ રાજકોટ રહેતાં શાંત, સરળ, સહજ અને માયાળુ સ્વભાવના મુક સેવક, શ્રેષ્ઠ શિક્ષક, ચલાલા દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટના પ્રમુખ, ચલાલા રઘુવંશી સમાજના વરિષ્ઠ આગેવાન, સ્પષ્ટ વકતા, શુભ ચિંતક, જ્ઞાતિ પ્રેમી એવા તન્ના રાણાનું દુઃખદ અવસાન રાજકોટ ખાતે આજરોજ થતા ચલાલા વૈષ્ણવ સમાજ, રઘુવંશી સમાજ સહિત દરેક સમાજ દુઃખની લાગણી અનુભવે છે. ચલાલા દ્વારકાધીશ હવેલી અને ચલાલા લોહાણા મહાજન વાડીની વખતો વખતના સુધારણા સેવામા તેમનુ યોગદાન અને સહયોગ અકલ્પિત રહેલુ છે. શિક્ષણનો જીવ હોવાથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધા અને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડતા હતા. ચલાલા રઘુવંશી સમાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ‘‘સરસ્વતી સન્માન સમારોહ’’ના તેઓ પ્રણેતા



હતા. ચલાલાના શ્રેષ્ઠ શિક્ષક સેવાભાવી ગુણવંતભાઈ તન્ના રાણાના અવસાનના દુઃખદ અવસાનના સમાચાર સાંભળી ચલાલામાં અત્યંત દુઃખની લાગણી છવાઈ છે. તેઓ સ્પષ્ટ વકતા અને પરોપકારી સ્વભાવના હતા. તેઓએ બલ્ડ ડોનેશન કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ સહિતની સેવા ચલાલાને આપેલ છે. સમસ્ત વૈષ્ણવ સમાજને વખતોવખત ભોજન પ્રસાદનો અમુલ્ય લાભ આપી ધન્યતા અનુભવી છે.

---

### રાજસ્થાનમાંથી કરાઈ અટકાયત

## સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુન્હો કરી નાસતો–ફરતો આરોપી ઝડપાયો

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

અમરેલી, તા. ૧૪

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના ઈ.પી.કો. કલમ ૪૪૭, ૩૭૯, ૧૧૪ મુજબના કામનો આરોપી રાજસ્થાનના વતની ઉસ્માનખાન નઝીરખાન કલર પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હોય. મજકુર લીસ્ટેડ નાસતા ફરતા આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે રાજસ્થાન રાજયના ફલોદી જિલ્લાના ભીમજીકાગાંવ ખાતે પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ



સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

---

### સામાજીક કાર્યકર્તાએ પત્ર પાઠવ્યો

## જશવંતગઢ ખાતે સાંસ્કૃતિક હોલ બનાવવા રજુઆત કરાઈ

### પાયાની સુવિધા આપવાની પણ માંગ

અમરેલી, તા. ૧૪

સામાજિક કાર્યકતા કાંતિલાલ પરમારે જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, જશવંતગઢ ખાતે અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તાર ડો. આંબેડકર કોલોનીમાં અનુસૂચિત જાતીની પાંચસો કરતા વધારે લોકોની વસ્તી વસવાટ કરે છે. અહીં ડો. આંબેડકર કોલોનીમાં એમ.પી./એમ.એલ.એ.ની સ્થાનિક વિસ્તારના વિકાસ માટેની યોજનાની ગ્રાન્ટમાંથી સાંસ્કૃતિક હોલ માટે રકમની ફાળવણી કરી જશવંતગઢ ખાતે સાંસ્કૃતિક હોલ/રેન બસેરા બનાવવામાં આવે. વધુમાં જણાવેલ છે કે, અનુસૂચિત જાતિ વર્ગના રહેણાંક વિસ્તાર ડો. બાબા સાહેબ આંબેડકર કોલોની, જશવંતગઢ ખાતે અનુસૂચિત જાતિ સમાજના લોકોને શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યોમાં શિયાળો, ઉનાળો અને ચોમાસામાં ખુબ જ મુશ્કેલી પડે છે જેથી સ્થાનીક લેવલે મૂળભૂત અને પાયાની જાહેર સુખાકારીની સગવડતા માટે તે અહીં સાંસ્કૃતિક હોલ બનાવવો ખુબ જ જરૂરી છે. વધુમાં જણાવેલ છે કે, જશવંતગઢ ખાતે અનુસૂચિત જાતિ વર્ગના રહેણાંક વિસ્તાર ડો. આંબેડકર કોલોનીમાં જાહેર સુખાકારીની પાયાની મુળભૂત સુવિધામાં વધારો થાય તે માટે સાસંદ, ધારાસભ્ય સભ્યની સ્થાનિક વિસ્તાર વિકાસની ગ્રાન્ટમાંથી સાંસ્કૃતિક હોલ/રેન ફાળવવી જરૂરી છે.

જસવંતગઢ અનુસૂચિત જાતિ વર્ગના લોકોની માંગણીના પ્રતિસાદમાં વિસ્તારમાં સાંસ્કૃતિક હોલ ? રેન બસેરા મંજુર કરવામાં આવે અને પાયાની અને મૂળભૂત જાહેર સુખાકારીની સગવડતા પુરી પાડવા અંતમાં માંગ કરેલ છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા–પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ।મો. ૯૯૦૯૧ ૦૯૯૫૫

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA




જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

# અમરેલી જિલ્લામાં વિમાન દુર્ઘટનાને લઈને શોકનો માહોલ છવાયો

# વિમાન દુર્ઘટનાનાં મૃતકોનાં આત્માની શાંતિ માટે ઠેર-ઠેર પ્રાર્થનાસભા યોજાઈ

## જિલ્લાભરની જુદી-જુદી સામાજિક, સેવાકીય સંસ્થાઓ અને શાળાઓ દ્વારા શ્રધ્ધાસુમન અર્પણ કરાયા

## દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલ વ્યકિતઓ જલ્દીથી તંદુરસ્ત બને તે માટે પણ પ્રાર્થના કરાઈ

## નાના બાળકોથી લઈને વૃધ્ધો અને યુવાનોથી લઈને મહિલાઓ સહિત સૌ કોઈ શોકાતુર

## જ્ઞાતિ-જાતિનાં ભેદભાવ વગર એકતા સાથે સૌ કોઈ દુઆ, પ્રાર્થના કરી રહ્યા છે





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા, યોગેશ કાનાબાર-રાજુલા









અમરેલી, તા. ૧૪

અમદાવાદનાં આંત્તરરાષ્ટ્રીય હવાઈ અડ્ડા ઉપરથી લંડન તરફ જઈ રહેલ મહાકાય વિમાન દુર્ઘટનાગ્રસ્ત બનતાં વિમાનમાં રહેલ ૨૪૧ મુસાફરો જેમાં રાજયનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો સમાવેશ થાય છે તે તમામ મુસાફરો મોતને ભેટેલ છે. તો નજીકમાં આવેલ મેડિકલ હોસ્ટેલમાં રહેતા તબીબો, વિમાનમાં પાયલટ સહિતનાં સહકર્મીઓ સહિત અંદાજિત ૨૯૦થી વધુ વ્યકિતઓ મોતને ભેટતા અને અનેક વ્યકિતઓ ઈજાગ્રસ્ત બનતાં સમગ્ર વિશ્વમાં અરેરાટીનો માહોલ અને અનેક પરિવારોએ પોતાના વ્હાલસોયા ગુમાવી દીધાનો આક્રંદ જોવા મળી રહ્યો છે. આ દુ:ખદ અને વિકટ પરિસ્થિતિમાં માનવતાી મહેંક પણ ઉઠી છે.

જે અંતર્ગત અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં અને સોમનાથ મંદિર ખાતે શાંતિપાઠ અને પુજાપાઠ કરાયા હતા. અમરેલી જિલ્લાની જુદી-જુદી સામાજિક, સેવાકીય અને ધાર્મિક સંસ્થાઓ, શાળા-કોલેજો ધ્વારા મૃતકોનાં આત્માની શાંતિ માટે અને ઈજાગ્રસ્ત પુન: તંદુરસ્ત બને તે માટે પ્રાર્થના કરવામાં આવી છે.

### સોમનાથ

અમદાવાદમાં બનેલી દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા તમામ દિવંગતોની આત્માની શાંતિ માટે પ્રથમ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના ચરણોમાં શાંતિપાઠ અને પૂજા-અર્ચના કરવામાં આવ્યા હતા.

શ્રી સોમનાથ મંદિર ખાતે ટ્રસ્ટ પરિવાર તરફથી ઈન્ચાર્જ જનરલ મેનેજર અજયકુમાર દુબે સહિત ટ્રસ્ટ પરિવાર, મંદિરના પૂજારીઓ, સ્થાનિક તીર્થપુરોહિતો અને દર્શને આવનાર ભકતો દ્વારા શ્રી મદ્ ભગવદ્ ગીતાના ૧૫માં અધ્યાય 'પુરૂષોત્તમ યોગ'નો પાઠ કરવામાં આવ્યો હતો. આ સાથે જ મહામૃત્યુંજય મંત્ર, જાપ સહિત શાંતિ પાઠ કરવામાં આવ્યા હતા, જેથી દિવંગત આત્માઓને પરમાત્મા મોક્ષ પ્રદાન કરે અને તેમના પરિવારોને આ આઘાતજનક સમયમાં શાંતિ મળે.

મધ્યાહ્ન સમયે સોમનાથ મહાદેવને કરવામાં આવતી મહાપૂજા દરમિયાન, શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિમાન દુર્ઘટનાના મૃતકોની આત્મશાંતિ માટે ખાસ સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ અવસરે ઉપસ્થિત તમામ યાત્રાળુઓ, પૂજારીગણ અને ટ્રસ્ટ પરિવાર દ્વારા સોમનાથ મહાદેવને આ દુર્ઘટનાના ભોગ બનેલા તમામ આત્માઓની શાત શાંતિ માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરવામાં આવી હતી.

આ ધાર્મિક અનુષ્ઠાન દ્વારા દુર્ઘટનામાં અવસાન પામેલા સૌ દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યકત કરવામાં આવી હતી.

### બાબરા

વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા અહીં ચિતલ રોડ પર આવેલ સુંવાળીયા ઠાકોર સમાજના હોલ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એમાં મંડળના હોદેદારો અને સમાજના યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અમદાવાદ ખાતે એર ઈન્ડિયાની પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામતા શોકની લાગની વ્યકત કરી શ્રદ્ધાસુમન અપર્ણ કરવામાં આવ્યા હતા.

આ પ્લેન દુર્ઘટનામાં રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ ભોગ બનતા વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા રાજયમાં કરેલ તેમના કાર્યોને યાદ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા.

### દામનગર

દામનગર શહેરના સમસ્ત મુસ્લિમ સમાજે જુમ્માની નમાઝ બાદ મૌન રેલી યોજી પ્લેન ક્રેશ દુર્ઘટનાના મૃતકોને શ્રધ્ધાંજલિ આપી જુમ્મા મસ્જિદ ખાતેથી પ્રસ્થાન થયેલ મૌન રેલી શહેરના મુખ્યમાર્ગોથી સરદાર ચોકથી મોટાપીરની દરગાહ ખાતે પહોંચી હતી. જયાં શહેરભરના મુસ્લિમ સમાજે અમદાવાદ પ્લેન ક્રેશની દુ:ખદ ઘટનામાં મૃત્યુ પામેલ મુસાફરો અને તબીબી શિક્ષણ મેળવતા બી.જે. ડેન્ટલ કોલેજના છાત્રોને શ્રધ્ધાંજલિ આપી દુવા કરી હતી. પ્લેકાર્ડ દ્વારા મૃતકોને મૌન રેલી યોજી શ્રધ્ધાંજલિ આપી હતી જેમાં ખૂબ મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજ ઉપસ્થિત રહ્યો હતો.

### અમરેલી

સંદેનાનું શિક્ષણ આપતી સંસ્થા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા. ૧૩/૬/૨૫ સવારની પ્રાર્થના સાથે થયેલ કરૂણ વિમાની અકસ્માતોનાં દિવંગતો માટે શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ રાખેલ હતો. શાળાના ધો. ૪ થી ૧૨ નાં તમામ બાળકોને વિમાન દુર્ઘટના અકસ્માત અંગે વિગતે માહિતી આપવામાં આવી હતી અને બાળકોએ ભાવવિભરો થઈ બે મિનીટનું મૌન પાળી વિમાન દુર્ઘટના તેમજ બી.જે. મેડિકલ કોલેજના દિવંગતોને શ્રધ્ધાંજલિ આપતા પરમકૃપાળુ પરમાત્માને મૌન પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ આપી હતી.

અમરેલીના કોલેજ સર્કલ પાસે શ્રી વલ્લભ કરાવોકે ગ્રુપ દ્વારા મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ અર્થે ભકિત ગીતનું આયોજન કરી પ્રભુ પાસે પ્રાર્થના કરેલ કે દરેક મૃતકોના દિવ્ય આત્માને શાંતિ મળે તેમજ ઘાયલ લોકો ઝડપથી સાજા થઈ જાય. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ હેતુસર ગ્રુપના સભ્યો રાજેશભાઈ ગાંધી, કિશનભાઈ ખેર, રશ્મીબેન પરમાર, દ્વારકેશભાઈ સોની, હિતેશભાઈ સેજુ, કાશ્મીરાબેન સોની, જગદીશભાઈ પ્રજાપતિ, મનીષભાઈ ડોડીયા, ભાનુબેન સલખના, દીપકભાઈ ભટ્ટ તેમજ અમરેલીના નગરજનો ઉપસ્થિત રહી કેન્ડલ માર્ચ સાથે ભકિત ગીતનો કાર્યક્રમ કરેલ.

### વીએચપી

જય શ્રી રામ હૃદયપૂર્વક પુષ્પાંજલિ તારીખ ૧૨ ના રોજ અમદાવાદ મુકામે જે કલ્પી ન શકાય એવી પ્લેન દુર્ઘટના બની જેના દુ:ખ સાથે આજરોજ અમરેલી ચક્કરગઢ રોડ માધવ પાર્ક સોસાયટી, મનરો હાઉસ, સિદ્ધનાથ મહાદેવ મંદિરના સાંનિધ્યમાં એક સમસ્ત સમાજ સાથે મળીને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ કરવામાં આવેલો. આ જીવાત્માના મોક્ષાર્થે હનુમાન ચાલીસાના પાઠ અને રામધુનનો કાર્યક્રમ કરી ભગવાનને પ્રાર્થના કરેલી કે આ તમામ જીવ આત્મા અને સાથે ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને અને તમામ જીવાત્માને ભગવાન શ્રીરામ પોતાના દરબારમાં વાત કરાવે એવી પ્રાર્થના કરવામાં આવેલી.

### સાવરકુંડલા

અમદાવાદમાં પ્લેન ક્રશ થવાના કારણે જે મૃત્યુ પામ્યા તે આત્માને શાંતિ માટે ગતરોજ સાંજે છ વાગે હોમગાર્ડ કચેરીથી રિદ્ધિ સિદ્ધિ સુધી કેન્ડલ માર્ચનું આયોજન કરેલ. જેમાં હોમગાર્ડઝ કમાન્ડર તેમજ ભાજપ પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ તેમજ માનવતાવાદને વરેલ અનેક આગેવાન ઉપસ્થિત રહેલ.

ગુજરાત રાજય પૂર્વ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી સહિત દરેક દિવંગત મૃતાત્માને મહાદેવ શાંતિ આપે તેવી પ્રાર્થના પણ કરવામાં આવેલ.

સાવરકુંડલાના જેસર રોડ ખાતે આવેલ નવનિર્માણ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રિયાંશી પ્લે હાઉસ અને આર.કે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તથા શૈક્ષણિક સ્ટાફ દ્વારા અમદાવાદ ખાતે પ્લેન ક્રેશની દુર્ઘનામાં અકાળે દુ:ખદ અવસાન પામનાર લોકોના આત્માને શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટી રાજેશભાઈ આસનાણી અને પ્રિન્સિપાલ કોમલબેન આસનાણી, શિક્ષિકા બહેનો, શૈક્ષણિક સ્ટાફ તથા ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા મૃતકો માટે મૌન પાળીને શ્રધ્ધાજંલી પાઠવવામાં આવી હતી. તેમ ધોરણ ૪ના વિદ્યાર્થી યુગગીરીની યાદીમાં જણાવેલ.

### રાજુલા

અમદાવાદ ખાતે બનેલી વિમાન દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી સહિત અનેક લોકો ના દુ:ખદ મોત થયેલ ત્યારે રાજુલા શહેરમાં શ્રદ્ધાંજલિ આપવાના વિવિધ જગ્યાએ વિવિધ કાર્યક્રમો યોજાયા. જેમાં રાજુલા શહેરમાં આજે એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે ડેપો મેનેજર તેમજ સમગ્ર એસ.ટી. સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ સહિત તમામ પ્રવાસીઓએ આ બે મિનિટનો મૌન રાખી અને મૃતકોના આત્માને શ્રદ્ધાંજલિ આપેલી. ત્યારબાદ રાજુલા ગાંધી મંદિર ખાતે રાજુલા વિ હિન્દુ પરિષદ, ચેમ્બર ઓફ કોમર્સ બજરંગદળ તેમજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાજુલા ભારતીય જનતા પક્ષ સહિતની વિવિધ સંસ્થાઓ દ્વારા આ રાજુલા ગાંધી મંદિર ખાતે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલો. જેમાં શહેરના અગ્રણીઓ, વેપારીઓ, કાર્યકરો, વિવિધ લોકો હાજર રહેલા જેમાં હનુમાન ચાલીસાના પાઠ તેમજ બે મિનિટનું મૌન રાખી મૃતકોના આત્માને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલી તેમજ રાજુલા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા જુમ્મા મસ્જીદ ઘાંચીવાડ ખાતે શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રાખવામાં આવેલો. ત્યારે રાજુલા શહેરમાં વિવિધ જગ્યાઓ પર આ ઘટનાને લઈને શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં યોજવામાં આવેલા.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શું આપના કેમેરા, નોટ કાઉન્ટીગ મશીન, અથવા કોઈપણ ઈલેકટ્રોનિક આઈટમ ખરાબ છે ?
CCTV કેમેરા, NVR,DVR વાયરલેસ સિકયુરીટી સિસ્ટમ
ટેલીફોન, કોર્ડલેસ ફોન
Wi-Fi મોડેમ
EPABX
નોટ કાઉન્ટીંગ મશીન
L.E.D. T.V. (24"થી 85")
પ્રોજેકટર, અને ઘણું બધું...
હવે દરેક વસ્તુઓ હોલસેલ ભાવે મેળવો...
ફકત એક ફોન કરો અને તમારી દરેક સમસ્યાઓનું સમાધાન મેળવો..
Total Solution of Tele Comunication & Video Surveillance...
કમલેશ ટાંક - 9825176163
પ્રિસીસન ટેલીકોમ






જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪







# રામ ભકિત જહં સુરસરિ ધારા, સરસઇ બ્રહ્મ બિચાર પ્રચારા ।




**૨૧ કૃપા અંબુનિધિ અંતરયામી**

જયપુર આવ્યા બાદ ગૃહકાર્ય તેમજ નિત્ય નિયમમાં મોટાભાગનો સમય પસાર થતો. હવે કયાંય પણ જવા આવવાનું ગમતું નહી. સપ્ટેમ્બર મહિનામાં ભગવાનનો શ્રી રામેર યાત્રાનો પ્રોગ્રામ જાણવા મળ્યો. ભગવાને મને રામેર આવવા કહેલું, પરંતુ બા અને બાપુજીને જવાની ઈચ્છા હતી તેથી ઘર સંભાળવાનું હતું. ઉપરાંત ભગવાન પાસે જતાં બા પ્રત્યે પૂર્ણ લક્ષ આપી શકતી નહીં તેથી તેમને અસંતોષ થતો માટે મેં ઘેર રહેવાનું ઉચિત માન્યું.

જયપુરના મોટા ઘરમાં નાના ત્રણ ભાઈએ સાથે હું એકલી હતી. એકલા ઘર સંભાળવાનો પ્રથમ અવસર હતો. રાત્રે અંધારૂં થતાં થોડે પણ અવાજ થાય તો ડરી જતી. પાડોશીઓ પાસેથી આ મકાનમાં ભૂત થાય છે એવી વાત સાંભળેલી તેથી વધારે ડરતી. એક દિવસ રાત્રે પાછળનો દરવાજો ખોલતાં અવાજ આવ્યો, "ઈધર આવ." દરવાજો બંધ કરી અંદર ઊભા રહી પૂછયું, "કૌન હૈ ?" બીજીવાર અવાજ આવ્યો, "ઈધર આવ" મેં ફરી પૂછયું, "કૌન હૈ ?" ત્રીજીવાર અવાજ આવ્યો, "ઈધર આવ" હું ખૂબ જ પ ભરાયેલી આગળના રૂમમાં આવતી રહી. તે વખતે ગુજરાતી સમાજવાળા કાન્તાબેન રાત્રે સૂર્યા આવતા. જયારે ભગવાન મળ્યા ત્યારે આ વાત કરતાં ભગવાને કહ્યું, છે "વો તો મેં હી થા." આ વખતે ભજન શાંતિથી એકાંતમાં સારી રીતે થતું.

તા. ૨૫–૯–૬૧ના રોજ લખેલો બાપુજીને મદ્રાસથી પત્ર આવ્યો. તેમાં મારા લગ્ન વિશે તેમજ નોકરી વિશે ભગવાન સાથે થયેલી વાતચીત જણાવેલી અને આ વિશે ભગવાન જે આજ્ઞા કરે તે પ્રમાણે કરવા મને જણાવ્યું હતું. બાપુજીના પત્ર સાથે પાછળના ભાગમાં ભગવાને મારા પર પત્ર લખેલો. મારા માટે મારા જ નામ પર આવેલ ભગવાનનો આ પ્રથમ પત્ર હતો. તેમાં ભગવાને લખેલું,

સદ્‌ગુરૂ બૈદ બચન બિશ્વાસા,
સંયમ યહ ન બિપયકર આસા ।

અમે ભગવાન સાથે હરિદ્વાર આવ્યા. ત્યારે એક સુંદર ઘટના



પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરુદેવ)

ઘટી. મદ્રાસના રહેવાસી શ્રીબેચરભાઈ ભટ્ટ તેમના સ્નેહીઓ સાથે બદ્રીકેદારની યાત્રાએ નીકળેલા. બેચરભાઈ "મહાઅવતારી બાબાજ"ની શોધ માટે હિમાલય જવાની ઈચ્છાથી બદ્રીકેદાર આવવા પ્રેરાયા. તેમણે થોડા સમય પહેલાં જ "એક યોગીની આત્મકથા" નામના પુસ્તકમાં યોગા નંદજીના શબ્દો વચેલા, "શ્રી મહાઅવતારી બાબાજી" હિમાલયમાં આજે પણ બિરાજે છે. આ વાંચી યાત્રાએ નીકળેલા પરંતુ યાત્રામાં તેઓને રસ નહોતો. પિતાના સમૂહથી આગળ પાછળ એકલા

**સંપાદક : મહેન્દ્ર સી.જોષી**
મો.૯૪૨૬૪ ૫૭૭૫૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)



ચાલી બાબાજીના દર્શનની તાલાવેલી અનુભવતા, "બાબાજી દર્શન દો, બાબાજી દર્શન દો" એમ પોકારતા રડતા રહેતા.

નિયમ પ્રમાણે પ્રથમ કેદારનાથ ગયેલા. ત્યાંથી પાછા ફરતાં એક દિવસ એક ચટ્ટી પર અમે ભગવાનના સમૂહ સાથે અને તેઓ પિતાને સમૂહ સાથે સામસામેની ધર્મશાળામાં હોવા છતાં એકબીજાથી અજાણ હતા. સવારે સ્નાનના સમયે તેઓ ભગવાનજીભાઈ કોટકને મળેલા. સહજ વાર્તાલાપ થયો. બેચરભાઈએ પૂછયું, "પહેલાં તો કેદારનાથ જવું જોઈએ બદ્રીનાથ કેમ ગયા ?" તેમણે કહ્યું, "અમારા ગુરૂદેવ કહે તેમ કરવાનું હોય." બેચરભાઈએ પૂછયું, "તમે બદ્રીનાથથી પાછા ફરો છો ત્યાં કોઈ બાબાજીના દર્શન કર્યા. ?" તેઓ આ વાતથી અજાણ હોવાથી ને જણવતા કહ્યું, "અમારા ગુરૂદેવના દર્શન કરવા હોય તો ચાલે તેઓ પણ સમર્થ છે." પરંતુ બેચરભાઈ પોતાની નિષ્ઠામાં દઢ હતા તેથી લક્ષ ન આપ્યું. જાકર મન રમ જાહિ સન, તાહિ તાહિ સન કામ.

તેઓ બદ્રીનાથની યાત્રા કરી અમારાથી પહેલા હરિદ્વાર પહોંચી ગયા. ત્યાં તેઓને મુકામ બટાલા હાઉસમાં હતો. બાપુજી વિગેરે ત્યાં જ હતા. બાપુજી અને બેચરભાઈ રોજ સાંજે સત્સંગ કરે, સાથે ફરવા જાય. બાપુજી ભગવાનની વાતો કરે પરંતુ તેમની શ્રદ્ધા થોડી ડગમગી ગયેલી કે આ બધુ ખોટું છે કારણ તેમણે વાંચેલું કે, "આજ ભી ભાવસે પુકારને પર હિમાલયમેં મહાઅવતારી બાબાજી કે દર્શન હોતે હૈ" પરંતુ દર્શન ન થવાથી નિરાશ થઈ ગયેલા. ધીરૂભાઈ ભગવાનની રાહ જોતાં ગુજરાત ભવનમાં બેસી રામનામ લખતા હતા. તે વખતે બેચરભાઈના ભાઈ કોઈ ભાઈ સાથે વાત કરતા હતા, આ બધું ખોટુ છે મારા ભાઈ

ગુરૂ પદ પ્રીતિ નીતિરત જોઈ,
દ્વિજસેવક અધિકારી સોઈ ।

યાત્રા સમય દરમ્યાન રૂદન કરતાં રહ્યા, ખાધું, પીધું નહીં, યાત્રામાં રસ ન લીધો તો શું મહાઅવતાર બાબાજી મળ્યા ? આ સાંભળતા ધીરૂભાઈ ચમકયા કારણ બાપુજી દ્વારા આ વાતની અમને બધાને જાણ હતી. યોંગાનંદજીના કથન પ્રમાણે તેમના ગુરૂ યુકતેરજી, યુકતેરજીના ગુરૂ લાહિરી મહાશય, લાહિરી મહાશયના ગુરૂ મહાઅવતારી બાબાજી હતા. ભગવાનના સ્વમુખે સાંભળેલા શબ્દો આ પ્રમાણે હતા. "લાહિરી મેરા શિષ્ય થા. એકબાર ઉસે સુવર્ણ મહેલ દેખને કી ઈચ્છા હુઈથી ઉસે હિમાલયમેં દિખાયા થા."

ધીરૂભાઈએ એ ભાઈને કહ્યું, "મહાઅવતાર બાબાજીના દર્શન કરવા છે ? એ જ અમારા ગુરૂદેવ છે. આજકાલમાં આવવા જોઈએ." ધીરૂભાઈની વાત પર વિસ ન આવતા બાપુજીને આ વાત પૂછી. બાપુજીએ દઢ શ્રદ્ધાથી જણાવ્યું, "કોઈ માને કે ન માને અમે તે એમને જ મહાઅવતાર બાબાજી માનીએ છીએ." બેચરભાઈને જાણ થતાં ગદ્‌ગદ્ થઈ બોલ્યાં, "હવે મારા માટે એ જ મહાઅવતાર બાબાજી છે." આતુરતાથી ભગવાનની રાહ જોવા લાગ્યા. તે જ દિવસે સાંજે અમે હરિદ્વાર પહોંચ્યા.

ગુજરાત ભવનમાં ઘણા દર્શનાર્થીઓ સાથે બાપુજી અને બેચરભાઈ પણ હતા. પ્રથમ દર્શનમાં જ દંડવત પ્રણામ કરી ભગવાનના ચરણે પકડી રડી પડયા અને દીક્ષા મંત્રની માંગણી કરી ભગવાને મંદ હાસ્ય સાથે સ્વીકારી ત્યાં જ તેમને મંત્ર દીક્ષા આપી. તે સમયે તેમણે ભગવાન પાસે માંગણી કરી આપ મદ્રાસ મારે ઘેર કયારે પધારશો ? તેમણે પ્રેમ–ભાવનાથી ત્રણ દિવસ રોકાવાનું કહેતા ભકતવત્સલ ભગવાને તે પણ સ્વીકારી લીધું. ત્યાંથી આગળ ભગવાન ભકત સમૂહ સાથે ગંગોત્રી જમનોત્રીની યાત્રાએ આગળ વધ્યા અને અમે જયપુર આવ્યાં.

# "સાથે તેરા નહિ, સંગે દુનિયા ચલે તો કયા હૈ ?"

## ( એક તું ના મિલા.... )

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

સરીતાની પ્રાર્થના સભામાં જવાનું હતું. સરીતાની ડાયરી નિહારિકાને આપવાની હતી. એટલે ડાયરીના પાનાં વાંચતો હતો. અને અટકતો જતો હતો. કેવા ચોટદાર શબ્દોથી ભાવિમાં બનવાનું લખ્યું હતું. આવી હરિની જાન

સપનાનું બીજ હજી ઉગ્યુ નથી ને...આવી હરિની જાન...!રણઝણ રણઝણ જોને ઝાલર વાગે...આવ્યું ઓચિંતાનું તેડું...!ધીરજ ધરીને હું રાહ જોઈશ...

હજી આવવાની છે મારે વારે... પ્રકૃત સરીતાને પરમનો સ્પર્શ થઈ ગયો હશે ? સરીતાને પરમનો સ્પર્શ થઈ ગયો હશે? કેટલાક કાવ્યો પત્રો મને રડાવી ગયા. પરંતુ મારે તો સુકેતુની ડાયરી નોંધ વાંચવી હતી. મારે બોલવાનું થાય તો સુકેતુને સમજવો જોઈએ નિધરિકા પાસેથી ડાયરી લીધી અને મને કહ્યું કે, તમે વાંચો. સાર્થક જીવનનું રહસ્ય આમાંથી મળશે. મારા ચાલીસ વરસનાં લગ્ન જીવનમાં સરીતા કદી ઉંચા સાદે બોલી નથી. મારાથી કદી નારાજ થઈ નથી. ઘરની બાબતમાં કે અન્ય સંયુકત કુટુંબની બાબતમાં ઝઘડો થયો નથી. કશું કદી માગ્યું નથી. મોંઘા ઘરેણા કે કિંમતી કપડા પહેર્યા નથી. સ્વયં એટલી સુંદર હતી કે એટલી જ સુંદર હૃદયથી હતી. પ્રેમ નીતરતી ભાષા કોલેજેથી આવે એટલે ઉત્સાહ આનંદનો ફૂવારો હુ ઓફિસેથી આવું એટલે મારી સામે ગોઠવાય જાય. સરસ ચા આપતા ઓફિસે શું બન્યું. અને બધાના સમાચાર પૂછે મારા ઓફિસની ચિંતા, પ્રશ્નોમાં ભાગીદાર બની જતી. બાળકો અવાર નવાર બીમાર પડતા ત્યારે નોકરીએ જતી નહિ બાળકોની પાસે રહેતી. હું રાતે જાગીને જોઉં તો બાળકો પાસે બેસીને તાવ ઉતરી ગયો હોવા છતા બાજુમાં બેસી હેતભર્યા–ચિંતાજાર્યા ચેહરે જોયા કરતી અને કહું કે શા માટે હવે જાગે છે ? તાવ નથી પછી ? થાકયા વગર બાળકોની પથારી પાસે બેસી વાંચ્યા કરતી. સરીતાને પણ તાવ આવ્યો હશે પણ કદી મને જણાવતી નહિ. અમસ્તી મજા નથી તેમ કહી દેતી. બાળકોની ચિંતા બહુ કરતી એટલે હું એને કહું કે તું તારી કાળજી રાખ નહિ તો બીમાર પડીશ. મને મારો ઓફિસનો સમય સાચવવા સદૈવ તત્પર રહેતી. પોતાને પોફેસરની નોકરી હોવા છતાં બીજાને પ્રાયોરીટી આપતી અમે સંયુકત પરિવારમાં રહેતા હતા ત્યારે પોતાનું ગમતું નહિ પણ અન્યને શું ગમે છે. બધાને રાજી રાખવા સતત જાગૃત રહેતી. બધું છોડીને સર્વ જવાબદારી લઈ લીધી હતી. પોતાનું સુખ કુટુંબ જીવનના સુખમા સમાવી લીધું હતું . જીવનને પ્રસન્નતા પૂર્વક જીવવાની ચાવી સરીતા પાસે હતી.

૨ સારા ઘરમાં મારા માતા–પિતા ઘરમા નાના ભાઈની વહુ સંગીતા તથા તેમના બાળકો, મારી બહેન સંયુકત કુટુંબમાં હતા. મારા માતા–પિતા બિમાર પડતા ત્યારે તેમને દવા રૂમમાં જઈ આવવું સતત હાજર રહેવા પોતાની મોટા પગાર વાળી નોકરી પણ સ્વૈચ્છિક છોડી દીધી. બધાની ના હોવા છતાં સાસુસસરાની સારી રીતે દેખાભાળ કરવા જ. બધુ સરીતાએ એકલી એ જ કર્યુ. મને કયારેય એમ નથી કહ્યું (બા ઉપરાંત દેરાણી, બહેન હતી) પણ મારે હું એકલી શા માટે કામ કરૂ ? ભાઈને ઓછો પગાર હતો તે દેરાણીને ઓછું ન આવે તે માટે નાની બહેન ગણીને તેમના માટે કપડા–ઘરેણા, સૌ પ્રથમ તેમને લઈ આપે. કામકાજની ભૂલોને માફ કરી, માર્ગદર્શન આપતી. મોટી બહેન ગામડે હતી એટલે તેમના બે દીકરાને લાવી ભણાવ્યા. કુટુંબ માટે સરીતા જે કરતી તે જોઈને પડોશી હતો સગાંસંબંધીઓને નવાઈ લાગતી. મારા ઘરની આળસ શોભા વધારીને મારા જીવનમાં કોઈ અભાવ આવવા દીધો નથી. સરીતા આવી એ પહેલા બાને ઘરમાં થોડાં પ્રશ્નો હતા. પણ સરીતાએ સંભાળી બીધું. ઘરનો આધાર સ્તંભ બની ગઈ. હું તો મારા એકાઉન્ટ તથા વેપારના કામકાજમાં વ્યસ્ત રહ્યો હિરોઈન જેવી રૂપાળી હોવા છતાં કોઈ અભિમાન નહીં, કોલેજમાં સામાજિક સંસ્થાઓ, પ્રવચન કરવા જાય ખૂબ વાહ થાય, છાપામાં ફોટા સાથે સન્માન થાય તો પણ પોતાની વડાઈની વાત કરી નહિં. મૃગ્ધ, મોહક ચહેરો વિસ્મય ભરતી મોટી આંખોના કયારેય મેં સેકટીસે જોઈ વખાણ કર્યા નહિ. તે સંગીતાને ઘણીવાર કહેતી આપણા પ્રિયજનોની ટીકાને હદયમાં સંઘરી રાખવી નહિ. ઉદાર દિલે બધુ માફ કરી દેવું ઘરમાં પ્રશ્નો બનતા જ હોય છે પરંતુ ગેરસમજ દૂર કરવા, માફી માંગી લેવા જણાવતી. ક્રોઈ, કડવાશ, બદલાની ભાવના, સંભળાવી દેવાની કૃત્તિ, વિવેક શૂન્ય બનાવી ન દે તે માટે કહ્યા કરે. દરેકને પ્રેમની સંવાદિતાની વાત કહેતી. આપણે જેની સાથે જોડાયા છીએ સ્વીકાર કરીએ. દરેક વ્યકિત પરિપૂર્ણ નથી. પરંતુ આપણા બન્યા પછી તેમની ખામીઓ સિધ્ધિઓ સ્વીકાર કરવામાં જ સાર્થક જીવન છે. આપણી પાસે મન, શરીર અને સ્વાત્મા છે આપણી ભીતર દેવ અને દાનવ વસે છે. આપણે શુભ માર્ગે મનને વાળવાથી પ્રભુ પ્રસન્ન રહે છે ભીતરનાં દુશ્મન ક્રોધ ઈર્ષ્યા, સ્વાર્થ અભિમાન બરાબર ઓળખીને ત્યાગ કરવો. આપણા કાર્યને ભગવાનને અર્પણ કરી તે જ બધું કાર્ય કરાવે છે તે શ્રધ્ધાથી પ્રાર્થના કરવી. જેમ ઉંમર શરીરના સૌંદર્યને લૂટી લે છે તેમ બીજા મન, આત્માના ગુણો તમારા આંતરિક સૌંદર્યને ઝળહળા કરે છે. અમૃતરૂપી અંજલિ આપવા હું સદૈવ પ્રભુને પામવા મારા આત્મનિરીક્ષણથી બદલતી રહું છું. મારૂ જીવન અંજલી થાજો સરીતાની કાયરી... (અપૂર્ણ)

# 'સમજણ એ જ નારાયણ'

## ફાધર્સ – ડે



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

નૂતન યુગમાં પ્રવેશેલી જીવનશૈલી અનેક અનેક પ્રકારનાં દિવસો ઉજવતી થઈ છે ! એ માંહેનો જ એક દિવસ એટલે આજનો દિવસ ફાધર્સ ડે ! આમ જુઓ તો સમગ્ર જીવન જ જેમની દેન હોય છે, એમનું મહત્વ કે મૂલ્ય કોઈ એક જ દિવસમાં આંકવું કે મૂલવવું એ તો મધર્સ ડે કે ફાધર્સને એક સિમિત દાયરામાં કે કાળખંડના કોઈ નિશ્ચિત ફીકસ ચોકઠામાં જ મૂલવવા, આંકવા સમાન જ ગણાય અને આમ તો માતા–પિતા ગુરૂ કે ઈશ્વરને કોઈ નિશ્ચિત માપદંડોના દાયરામાં જ ફીટ કરીને, ગણીને કયારેય થોડાં માપી શકાયા છે ? પામી શકાયા છે ?

આપણી સમાજ રચના અને જીવન ધોરણોનાં અભ્યાસ કે મૂલ્યાંકન કરશો તો એટલું તારણ તો ચોકકસ નીકળશે કે સમાજે જેટલે માતૃવંદના કરી છે, માતાનાં મૂલ્યોનું ગુણગાન કર્યુ છે. એટલો જ ન્યાય કે વજન પિતા તરફ દર્શાવવામાં નથી આવ્યો. માતાનો રોલ વિશાળ છે, સંતાનને નવ મહિના પોતાના પેટમાં ધારણ કરીને જન્મ આપે છે, ત્યારે તે પોતે પણ નવો જન્મ ધારણ કરતી હોય છે. સંતાનનો ઉછેર, આરોગ્ય અને તેનાં પ્રત્યેક સંવેદના સાથે માતા ખૂબ નજીકથી એટેચ થતી હોવાથી તેઓ બંનેની વચ્ચે લાગણી તાદાત્મ્યતાનો સેતુ રચાઈ જતો હોય છે. તેની સામે પિતાનો રોલ સાવ જુદો જ રહે છે ! કારણ કે પિતાએ મોટા ભાગે ઘરની બહાર રહેવાનું હોય છે. માતા બાળ ઉછેર વખતે સ્નેહની સરવાણી વહાવતી જ રહે છે, જયારે પ્રેકટીકલ હોવાથી તેની અંદર એક ડી.સી. કરન્ટ પણ સતત વહેતો રહે છે ! માતા સંતાનને ઋજુ, નજીક અને લાકડું બનાવવા, રાખવા મથતી રહે છે, એ જ જગ્યાએ પિતા ઈચ્છે કે પોતાનું સંતાન કઠોર નહીં પણ કઠણ બને, વેવલું નહીં પણ વ્યાવહારિક બને, દરેક પરિસ્થિતિઓ જવાબદારીઓને વહન કરવા સક્ષમ બને. બંનેનાં ઉછેરમાં આ તફાવત છે.

મને પોતાને બાળપણની વાતો યાદ છે કે જયારે અમે ભાઈ–બહેન વેકેસનમાં માતા ફૈબાનાં ઘરે જતાં ત્યારે માની આંખ ભીની થઈ જતી. પણ પિતા તો મૂકવા આવે, ત્યારે મામા ફૈબાના ઘરે આવી તેમને પણ કડક સૂચના આપી જતાં કે આ બાળકો રજાઓમાં તમારે ત્યાં રોકાયા ત્યાં સુધી તેમની પાસે જુદા જુદા અનેક ઘરકામ કરાવશો, અને કોઈ કામ ન હોય તો છેવટે ખાડો ખોદી અને ફરી તેમની પાસે બુરાવવો. જેથી બાળપણથી જ તેમનામાં મહેનતનો ગુણ ખીલે. આ બાપ છે ત્યારે ફાધર્સ ડેનાં પવિત્ર દિવસે સૌના પરમ પિતાને સસ્નેહ વંદન પ્રણામ.

**નવનીત : "માતા સંતાનનો ખોળો છે, જયારે પિતા ખભો."**

# *ગૂગલ પર ખૂબ સર્ચ થતા જીઓ ટેકનોલોજીસ્ટ : ડો.જી.માધવી લતા*

## વિસામો



વૃંદા ચિંતન મહેતા
રાજુલા

કાશ્મીર ને સમગ્ર ભારત સાથે જોડનારો રૂ.૧૪૮૬ કરોડના ખર્ચે બનેલા ચીનાબ આર્ક બ્રિજ પર અત્યારે સમગ્ર વિશ્વની યુનિવર્સિટીના સ્ટ્રકચરલ એન્જિનિયર અને જીઓટેકનિકલ વિભાગોની નજર મંડાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮ વર્ષ કરતાં વધુ સમયની મહેનતથી તૈયાર થયેલા રેલ્વે પુલનું શુક્રવારે ઉદ્ઘાટન કર્યુ હતું. આ ઉદ્ઘાટન પછી આખી દુનિયા ચિનાબ પૂલ અને તેને બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનારા ડોકટર જી.માધવી લતા અંગે જાણવા આતુર છે. ચિનાબ આર્ક બ્રિજ પ્રોજેકટને સફળતાપૂર્વક પૂરો કરનામાં કાશ્મીર ની ધરતીને સમજવામાં નોંધપાત્ર સમય પસાર કરનારા જીઓટેકનોલોજીના નિષ્ણાંત ડો.જી માધવી લતાનું આગવું યોગદાન છે.ઓપરેશન સિંદૂર પછી સોફિયા કુરેશી પછી કાશ્મીરને જોડતા ચીનાબ આર્ક બ્રિજના જીઓટેકનોલોજીસ્ટ ડો. જી. માધવી લતા પર સૌ કોઈનું ધ્યાન કેન્દ્રિત થયું છે. ડોકટર માધવી લતા હાલમાં આઈઆઈએસસીમાં HAG પ્રોફેસર છે.

જમીનથી ૩૫૯ મીટર ની ઊંચાઈ ધરાવતો અને એફિલ ટાવર કરતા ૩૫ ફૂટ ઊંચા આ બ્રિજને બનાવવામાં ભલે આઠ વર્ષ લાગ્યા હોય. પરંતુ ડોકટર જી માધવી લતા અને તેમની ટીમે વર્ષ ૨૦૨૫ થી ૧૭ વર્ષ સુધી આપણો જેક પર કામ કર્યુ છે.આધુનિકયુગના ખરાઅર્થમાં નારાયણી કહી શકાય તેવા ડો. જી. માધવી લતા વિશે વાત કરૂ તો તેમણે ૧૯૯૨માં જવાહર નહરૂ ટેકનોલોજી યુનિવર્સિટી માંથી સિવિલ એન્જિનિયરિંગમાં બી.ટેક




ની ડીગ્રી મેળવી છે. તેમણે વારંગલ સ્થિત નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાં એમ. ટેક. નો અભ્યાસ કરતા ગોલ્ડ મેડલ મેળવ્યું છે. તેમણે વર્ષ ૨૦૦૦ ના આઈઆઈટી મદ્રાસથી ભૂ ટેકનોલોજી એન્જિનિયરિંગમાં ડોકટરેટ ની પદવી મેળવી છે. વર્ષ ૨૦૨૧માં તેમને ભારતીય ભૂ– ટેકનોલોજી સોસાયટી તરફથી સર્વશ્રેષ્ઠ મહિલા ભૂ–ટેકનોલોજી રિસર્ચ એવોર્ડ એનાયત થયો હતો. તેઓ વર્ષ ૨૦૨૨માં ભારતની સ્ટેમ ટોપમાં ૭૫મહિલાઓમાં નોમિનેટ થયા હતા.

આ બ્રિજના નિર્માણની સિદ્ધિ એક એવી વૈશ્વિક સ્તરના અર્કીટેક અને જીઓ ટેકનોલોજીના વિભાગો માટે મહત્વ પૂર્ણ સાબિત થઈ છે.ડો. જી. માધવી લતા ની ટીમે તમામ અવરોધો દૂર કરવા માટે 'ડિઝાઈન–એઝ–યુ–ગો અભિગમ અપનાવ્યો હતો. ત્યાંના જમીનની સ્તરની સ્થિતિને જોઈને પુલ ની ડિઝાઈનમાં ફેરફાર કરેલા. ડો. જી. માધવી લતાએ તાજેતરમાં ઈન્ડિયન જીઓટેકનિકલ જનર્લના મહિલા વિશેષમાં 'ડિઝાઈન એઝ યુ ગ્રોથ ધ કેસ સ્ટડી ઓફ ચેનાબ રેલવે બ્રિજ' શિર્ષક હેઠળ એક પેપર પ્રકાશિત કર્યુ છે. જેમાં બ્રિજની ડિઝાઈન કેવી રીતે સતત વિકસતી થઈ, જેમાં ફક્ત એકંદરે માળખું સ્થાન અને પ્રકાર જ સ્થિત રહ્યા, તેનું વર્ણન કરવામાં આવ્યું છે.વર્ષ ૨૦૦૦માં આઈઆઈટી મદ્રાસ માંથી જીઓ ટેકનિકલ એન્જિનિયરિંગ માંથી ડોકટરેટ ની ડિગ્રી મેળવનારા ડોકટર લતા આ બ્રિજના નિર્માણ પછી સૌથી વધુ ઓનલાઈન પર સર્ચ થઈ રહ્યા છે. હાલ ઓપરેશન સિંદૂરમાં સોફિયા કુરેશી સૌથી વધુ સર્ચ વ્યક્તિત્વ હતા. તેમ આ બ્રિજ ના નિર્માણ પછી ડો. જી. માધવી લતા પર વિશ્વના પ્લાનિંગ અને સ્ટ્રકચર એન્જિનિયરોનું ફોકસ વધ્યું છે. ડો. જી. માધવી લતા અને ઓપરેશન સિંદૂરના સોફિયા કુરેશી જેવી મહિલાઓ ખરેખર જ આજના સમય ની નારી માટે રોલમોડલ છે. તેઓ ખરા અર્થમાં 'નારી તું નારાયણી' ઉક્તિ ને ચરિતાર્થ કરી છે.

# ભુરખીયા હનુમાનજી મંદિરે પૂ. સીતારામબાપુનો સત્સંગ યોજાયો



દામનગર સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિરે શિવકુંજ આશ્રમના સીતારામબાપુનો સતસંગ યોજાયો શિવકુંજ આશ્રમના સીતારામબાપુ સેવક સમુદાયની વિશાળ ઉપસ્થિતિમાં ચાલીશા પઠન સુંદરકાંડ પાઠમાં ખૂબ મોટી સંખ્યામાં સેવક સમુદાય ની હાજરી દુરસદુરથી શિવકુંજ આશ્રમ સેવક સમુદાયના શ્રધ્ધાળુ ભાવિકો શ્રી ભુરખિયા હનુમાનજીના સાનિધ્યમાં ભજન ભોજન નો લાભ મેળવ્યો હતો શિવકુંજ આશ્રમના સીતારામબાપુના માર્મિક ટકોર કરતા દ્રષ્ટાંત સાથે દિવ્ય સતસંગ સ્થિર પ્રજ્ઞ બની શ્રવણ કરતા ભાવિકો સતી રત્નો પૂજય વઢણાનંદીજી અને રામેશ્વરાનંદીજીની પાવન નિશ્રા માં દામનગર સહિત અનેકો ગ્રામ્ય વિસ્તારો અને શહેરી વિસ્તારોમાંથી સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓએ સહિત હજારો શ્રધ્ધાળુઓએ દર્શન પુજન અર્ચન કરી ધન્યતા વ્યક્ત કરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## ક્રૂ મનીષાનું નિધન

ડાન્સર પણ હતી. તેનું સપનું હતું કે તે આકાશમાં ઉડાન ભરે અને દેશ-વિદેશનો પ્રવાસ કરે. મનીષાના મૃત્યુ સાથે જ પટનાએ પોતાની એક હોશિયાર દીકરીને ગુમાવી દીધી છે. મનીષાની સ્મિત કરતી તસવીરો હવે સોશિયલ મીડિયા પર શ્રદ્ધાંજલિ સંદેશા સાથે વાયરલ થઈ રહી છે.તમને જણાવી દઈએ કે અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ઉડાન ભર્યાના થોડી જ મિનિટો બાદ મેઘાણીનગર વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. વિમાન પહેલા બી.જે. મેડિકલ કોલેજની મેસ બિલ્ડિંગ સાથે અથડાયું અને પછી અતુલ્યમ હોસ્ટેલ સાથે ટકરાયા બાદ આગના ગોળામાં ફેરવાઈ ગયું. આસપાસનો વિસ્તાર કાટમાળ, ધુમાડા અને ચીસોથી ભરાઈ ગયો હતો. આ દુર્ઘટના બાદ મૃતદેહોની ઓળખ કરવી અત્યંત મુશ્કેલ બની ગઈ હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## રિપોર્ટ ત્રણ મહિનામાં સોંપાશે

ગયા હતા. આ મામલે કમિટી તપાસ કરી રહી છે. જે તમામ પુરાવાઓ અને નિવેદનો એકઠાં કરશે અને રિપોર્ટ રજૂ કરશે. જેથી દેશ તેમજ સમગ્ર વિશ્વ સમક્ષ અકસ્માતનું સત્ય બહાર આવી શકે.

અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું, "છેલ્લા બે દિવસ ખૂબ જ મુશ્કેલ રહ્યા છે. અમદાવાદ એરપોર્ટ નજીક થયેલા અકસ્માતે આખા દેશને હચમચાવી નાખ્યો. આ અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનારા તમામ પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. રામ મોહન નાયડુએ કહ્યું, 'વિમાન દુર્ઘટનાના સમાચાર લગભગ ૨ વાગ્યે મળ્યા. તે એક નિર્ધારિત ઉડાન હતી. ગુરુવારે બપોરે ૧.૩૯ વાગ્યે વિમાને ઉડાન ભરી હતી. વિમાને ઉડાન ભરતાની સાથે જ પાઈલટે MAYDAY પર ફોન કર્યો. ATC અનુસાર, વિમાનનો સંપર્ક થઈ શક્યો નહીં. લગભગ એક મિનિટ પછી વિમાન ક્રેશ થયું. અકસ્માત પછી, અમદાવાદ એરપોર્ટનો રનવે બપોરે ૨:૩૦ વાગ્યે બંધ કરવામાં આવ્યો હતો. અકસ્માતની થોડીવારમાં જ ટીમ ત્યાં પહોંચી ગઈ હતી. સાંજે ૫.૩૦ વાગ્યે બધા ત્યાં પહોંચી ગયા હતા.'

રામ મોહન નાયડુએ પાયલટના MAYDAY કોલ વિશે પણ માહિતી આપી. તેમણે કહ્યું કે ક્રેશ પહેલા પાયલટ તરફથી ફોન આવ્યો હતો. તમને જણાવી દઈએ કે અમદાવાદથી લંડન જતું એર ઈન્ડિયાનું વિમાન ટેકઓફ થયા પછી તરત જ ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં કુલ ૨૭૪ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. મંત્રીએ કહ્યું કે, જ્યારે અમે ઘટનાસ્થળે પહોંચ્યા, ત્યારે અમે જોયું કે તમામ સંબંધિત વિભાગોની ટીમો જમીન પર પોતાનું કામ કરી રહી હતી, શક્ય તેટલું બચાવ કરવાનો પ્રયાસ કરી રહી હતી, આગ બુઝાવવાનો અને કાટમાળ દૂર કરવાનો પ્રયાસ કરી રહી હતી, જેથી મૃતદેહોને શક્ય તેટલી વહેલી તકે હોસ્પિટલમાં મોકલી શકાય. વિમાન અકસ્માત તપાસ બ્યુરો, જે ખાસ કરીને વિમાનોની આસપાસની ઘટનાઓ અકસ્માતોની તપાસ કરવા માટે બનાવવામાં આવ્યો હતો તેને તાત્કાલિક સક્રિય કરવામાં આવ્યો હતો. AAIB દ્વારા કરવામાં આવી રહેલી ટેકનિકલ તપાસમાંથી એક મહત્વપૂર્ણ અપડેટ ગઈકાલે સાંજે ૫ વાગ્યાની આસપાસ સ્થળ પરથી બ્લેક બોક્સ મળી આવ્યું છે, AAIB ટીમ માને છે કે બ્લેક બોક્સનું આ ડીકોડિંગ અકસ્માત પ્રક્રિયા દરમિયાન અથવા અકસ્માત પહેલાની ક્ષણોમાં બરાબર શું થયું હશે તે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપશે. તેની જાણકારી અમે એ વાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ કે AAIB દ્વારા સંપૂર્ણ તપાસ પછી શું પરિણામો સામે આવશે"

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૦૫૮ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૬૮ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૭૭૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૯૯ |
| ૫ | તલ સફેદ | ૧૧૨૦ | ૨૪૪૦ |
| ૬ | તલ કાળા | ૧૯૦૦ | ૩૩૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૧૯૬ |
| ૮ | બાજરો | ૩૫૮ | ૫૧૧ |
| ૯ | જુવાર | ૩૬૫ | ૭૧૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૮૨ | ૫૩૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૧ | ૫૩૭ |
| ૧૨ | મકાઈ | ૫૩૩ | ૫૩૩ |
| ૧૩ | મગ | ૮૦૦ | ૧૪૨૫ |
| ૧૪ | અડદ | ૮૫૦ | ૧૩૭૧ |
| ૧૫ | ચણા | ૮૫૦ | ૧૦૮૮ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૬૧ | ૧૦૬૨ |
| ૧૭ | ચણા સફેદ | ૮૦૦ | ૧૦૭૬ |
| ૧૮ | છોલે ચણા | ૧૧૪૨ | ૧૧૪૨ |
| ૧૯ | તુવેર | ૭૮૦ | ૧૧૭૨ |
| ૨૦ | વાલ | ૮૦૦ | ૧૧૨૦ |
| ૨૧ | કપાસ | ૮૯૮ | ૧૬૪૦ |
| ૨૨ | એરંડા | ૧૧૫૦ | ૧૨૬૨ |
| ૨૩ | જીરૂ | ૩૫૨૫ | ૩૭૮૦ |
| ૨૪ | ધાણી | ૧૦૮૦ | ૧૨૯૦ |
| ૨૫ | મેથી | ૬૦૦ | ૮૭૫ |
| ૨૬ | સોયાબીન | ૬૪૫ | ૮૦૦ |
| ૨૭ | કાંગ | ૫૬૦ | ૫૬૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં

વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદનું આગમન થવા પામેલ છે. ઉપરાંત કુંકાવાવ શહેર સાથે અમરાપુર, ઉજળા ગ્રામીણ વિસ્તારમાં ધોધમાર વરસાદ પડયો હતો.

ખાંભા તાલુકાના લાસા, ભાણિયા તથા ધાવડીયા સહિતના ગીરના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડયો હતો અને પાણી વહી ગયા હતા.

અમરેલી ખાતે આવેલ કંટ્રોલરૂમ ખાતે રાત્રે ૮ વાગ્યા સુધીમાં અમરેલીમાં ૮ મી.મી., વડીયા ૯ મી.મી., બાબરા ૧૨ મી.મી., લીલીયા ૨ મી.મી., બગસરા ૫ મી.મી. તથા ધારી ૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

**બાબરા**

બાબરામાં આજે સમી સાંજે જોરદાર ઉકળાટ અને બફારા વચ્ચે ધોધમાર વરસાદ પડતાં થોડીવારમાં શહેરની બઝારોમાં પાણી દોડવા લાગ્યું હતું. મોટા છાંટાએ વરસાદ પડતાં બઝારોમાં પુરની જેમ પાણી દોડવા લાગ્યું હતુ જેના કારણે અહીં નાના બસ સ્ટેન્ડ નજીક આવેલ પાટીદાર કોમ્પ્લેક્ષમાં પાણી ભરાય ગયું હતુ. વાહન પણ ડૂબવા લાગ્યા હતા તેમજ રાહદારીઓને ખરીદી માટે મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડી હતી.

બાબરામાં ગત શનિવારે બે ઈંચ જેટલો વરસાદ વાવણી લાયક પડયો હતો. શહેર અને તાલુકાના મોટા ભાગના ખેડૂતોએ વાવણી કરી લીધી હતી ત્યારથી ખેડૂતો વરસાદની રાહ જોઈ ને બેઠા હતા. આજે સાંજે ફરી ધોધમાર વરસાદ પડતાં બાબરા સહિત ચમારડી, ચરખા, ખાખરીયા, દરેડ, વાવડી, ગળકોટડી, ઉંટવડ, મોટા દેવળીયા, લુણકી સહિતના આસપાસ ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી જતા ખેડૂતોમાં હરખની લાગણી જોવા મળી હતી.

બાબરામાં એક કલાકમાં દોઢ ઈંચ કરતા વધુ વરસાદ પડતાં ભારે ગરમી અને ઉકળાટ સહન કરતા લોકોએ વાતાવરણની ઠંડકનો અનુભવ કર્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

## ૧૧ સેકન્ડની ભૂલથી

ભારતીય અધિકારીઓ સાથે મળીને અકસ્માતની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. આ દરમિયાન, એક કોમર્શિયલ પાઈલટ અને યુટ્યુબર કેપ્ટન સ્ટીવે આ અકસ્માત અંગે ચોંકાવનારું વિશ્લેષણ રજૂ કર્યું છે.

કેપ્ટન સ્ટીવ માને છે કે ટેકઓફ પછી તરત જ માનવીય ભૂલને કારણે આ અકસ્માત થયો હશે. તેમના મતે, મુખ્ય પાઈલટે કો-પાઈલટને 'ગિયર અપ' એટલે કે લેન્ડિંગ ગિયર ઉપર ખેંચવાનો નિર્દેશ આપ્યો હશે. પરંતુ કો-પાઈલટે ભૂલથી લેન્ડિંગ ગિયરને બદલે વિંગ ફ્લૅપ્સ ખેંચી લીધા હોઈ શકે. વિંગ ફ્લૅપ્સ એ કંટ્રોલ સાધનો છે જે વિમાનની પાંખોની ધાર પર લગાવવામાં આવે છે. ટેકઓફ અને લેન્ડિંગ દરમિયાન, તેમને નીચે તરફ કરવામાં આવે છે જેથી વિમાન વધુ ઉચાઈ મેળવે અને સલામત ગતિએ ઉપર અથવા નીચે ઉતરી શકે. કેપ્ટન સ્ટીવનું અનુમાન છે કે ટેકઓફ પછી તરત જ ફ્લૅપ્સને ઉપર ખેંચવાથીઃ વિમાન ઉપર જવાનું ગુમાવે છે. સ્પિડ અને ઊંચાઈ અચાનક ઘટી જાય છે અને તેના કારણે વિમાન ઝડપથી નીચે આવી જાય છે. જો ખરેખર આવું બન્યું હોય, તો આ તકનીકી ભૂલ આ ભયંકર દુર્ઘટનાનું કારણ બની શકે છે.

આ ઘટના પછી, યુએસ એજન્સી NTSB અને બ્રિટનની ઉડ્ડયન સલામતી એજન્સી AAIB ભારતના DGCA સાથે મળીને અકસ્માતની તપાસ કરી રહી છે. એવું માનવામાં આવે છે કે કોકપીટ વોઈસ રેકોર્ડર અને ફ્લાઈટ ડેટા રેકોર્ડર સ્પષ્ટ કરશે કે ટેકઓફ સમયે પાઈલટ્સ વચ્ચે શું વાતચીત થઈ હતી અને વિમાનની નિયંત્રણ પ્રણાલીમાં અંતિમ પ્રવૃત્તિ શું હતી.

પોર્ટુગલ, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને કેનેડાના નાગરિકો પણ આ અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે. આ દેશોએ ભારતને શક્ય તમામ મદદની ખાતરી આપી છે. ખાસ કરીને બ્રિટન અને પોર્ટુગલની ટીમો પણ ભારત પહોંચી છે અને અકસ્માત સંબંધિત પીડિતોના પરિવારોનો સંપર્ક કરી રહી છે.

અકસ્માતમાં બચી ગયેલા એકમાત્ર વ્યક્તિ, વિશ્વાસ કુમાર રમેશે જણાવ્યું હતું કે અકસ્માત સમયે તેમને પણ લાગ્યું હતું કે તેઓ બચી શકશે નહીં, પરંતુ જ્યારે તે ભાનમાં આવ્યા, ત્યારે તેમણે પોતાનો સીટ બેલ્ટ ખોલ્યો અને કોઈક રીતે કાટમાળમાંથી બહાર નીકળીને નજીકમાં ઉભી રહેલી એમ્બ્યુલન્સ સુધી પહોંચ્યા. વિશ્વાસ સાથે તેમનો ભાઈ અજય પણ મુસાફરી કરી રહ્યો હતો, જેનું આ અકસ્માતમાં મૃત્યુ થયું છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૭૨ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૨૧૨ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૨૧ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૩૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૨૨ |
| ૬ | તલ કાળા | ૨૪૨૧ | ૩૧૫૬ |
| ૭ | જીરૂ | ૩૨૦૦ | ૩૮૫૦ |
| ૮ | કપાસ | ૧૪૫૦ | ૧૫૭૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૬૦૦ |
| ૧૨ | જુવાર | ૫૦૦ | ૮૩૫ |
| ૧૩ | મગ | ૧૧૫૦ | ૧૪૬૦ |
| ૧૪ | અડદ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | ચણા | ૧૦૫૦ | ૧૧૧૫ |
| ૧૬ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૧૦ |
| ૧૭ | તુવેર | ૯૫૦ | ૧૧૮૦ |
| ૧૮ | એરંડી | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ૧૯ | ધાણા | ૧૨૦૦ | ૧૩૨૧ |
| ૨૦ | સોયાબીન | ૭૪૦ | ૭૮૭ |

પાના ૮ ઉપરનું ચાલું

## હેવી ક્રેનની મદદથી

જેનો વીડિયો સામે આવ્યો છે.

૧૨ જૂન ગુરુવારનો દિવસ ગુજરાત અને અમદાવાદ માટે ગોઝારો દિવસ સાબિત થયો. ભયાનક પ્લેન ક્રેશમાં અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. એર ઈન્ડિયાનું આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. આ વિમાનમાં ક્રૂ મેમ્બર્સ સહિત કુલ ૨૪૨ મુસાફરો હતા. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ વિમાનમાં સવાર હતા. આ ઘટનામાં તેમનું પણ નિધન થયું.

અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાના મામલે નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે અમદાવાદ વિમાન દુર્ઘટના કેસની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રીએ એ પણ નક્કી કર્યું કે સમિતિ કેટલા દિવસમાં પોતાનો રિપોર્ટ રજૂ કરશે, જેથી દેશ તેમજ સમગ્ર વિશ્વ સમક્ષ અકસ્માતનું સત્ય બહાર આવી શકે. અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું, "છેલ્લા બે દિવસ ખૂબ જ મુશ્કેલ રહ્યા છે. અમદાવાદ એરપોર્ટ નજીક થયેલા અકસ્માતે આખા દેશને હચમચાવી નાખ્યો. આ અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનારા તમામ પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બચ્ચનના નજીકના સ્વજનનું મોત

પરિવારજનોને ગુમાવ્યા. સાથે બચ્ચને આ દુર્ઘટનાની તપાસ પારદર્શિતાથી કરાવવાની માંગ ઉઠાવી છે.

તાજેતરમાં અમિતાભ બચ્ચને તેમના એક બ્લોગમાં લખ્યું હતું કે, એર ઈન્ડિયા અકસ્માતથી હું ખૂબ જ દુઃખી અને વ્યથિત છું. આપણા લોકો ઉપરાંત, આ અકસ્માતમાં પોતાના નાગરિકો ગુમાવનારા અન્ય દેશો પ્રત્યે મારી સંપૂર્ણ સંવેદના અને સમર્થન છે. હું પ્રાર્થના કરું છું કે આ દુઃખ આપણને એક કરે, જેથી આપણે બધા મળીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી શકીએ. બિગ બીએ વધુમાં કહ્યું, આ અકસ્માતની તપાસ પ્રામાણિકતા અને પારદર્શિતા સાથે થવી જોઈએ, જેથી આપણે તેને હંમેશા યાદ રાખી શકીએ અને તેમાંથી કંઈક શીખી શકીએ. આપણે મજબૂત બનવું પડશે, યોગ્ય પગલાં લેવા પડશે અને ઝડપથી શીખવું પડશે, જેથી દરેકને આ દુઃખ દૂર કરવામાં મદદ મળી શકે.

મહત્વનું છે કે આ દુર્ઘટનામાં અમિતાભ બચ્ચના નજીકના મિત્રના પુત્રનું પણ મોત થઈ ગયું છે, ત્યારબાદ બિગ બી ભાવુક તઈ ગયા છે. બિગ બીએ કોઈનું નામ લીધા વગર લખ્યું- અને આજની સવારે મને અને મારા પરિવારને વધુ એક ઝટકો લાગ્યો. આ સવાર દુખદાયક સમાચાર લાવી. અમારા એક પ્રિય મિત્રએ તેનો પુત્ર ગુમાવી દીધો. તે યુવા હતો અને આ બધુ અચાનક થયું. અમારા મિત્ર અને અમે કયા દર્દ અને દુખમાંથી પસાર થઈ રહ્યાં છીએ, તેની કલ્પના ન કરી શકાય. વિશ્વાસ કરવો મુશ્કેલ થઈ રહ્યો છે. બસ હવે પ્રાર્થના કરવી ચે અને દુખમાં દુખી લોકોને હિંમત આપવાની છે, જેથી તેને આ નુકસાન સહન કરવાની શક્તિ મળે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા:** સ્વ. દોલતસિંહ (ટપુભા) વજેસિંહ વાજા રાઠોડ (ઉ.વ. ૬૩) તે અરવિંદસિંહ પ્રવિણસિંહ વાજા રાઠોડના લઘુબંધુ અને મહિપતસિંહ વાજા રાઠોડના વડીલ બંધુતા. ૧૨ જૂનને ગુરૂવારે કૈલાસવાસ પામેલ હોય સદ્‌ગતનું બેસણું તા. ૧૬ જુનને સોમવારે પારેખ વાડી ખાતે રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૬૦ | ૧૫૫૦ |
| ૩ | મગફળી | ૯૮૫ | ૧૦૪૫ |
| ૪ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૫ | મગ | ૧૨૬૫ | ૧૪૧૫ |
| ૬ | તલ સફેદ | ૧૭૨૫ | ૨૦૨૫ |
| ૭ | તલ કાળા | ૨૫૫૫ | ૩૦૭૫ |
| ૮ | જીરૂ | ૨૯૧૫ | ૩૩૭૫ |
| ૯ | ચણા | ૧૦૫૫ | ૧૦૮૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૯૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૮ | ૫૦૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૬૦ | ૫૦૧ |
| ૪ | ધાણા | ૧૦૫૦ | ૧૦૫૫ |
| ૫ | ચણા | ૯૪૫ | ૧૦૬૨ |
| ૬ | મેથી | ૭૨૫ | ૭૨૫ |
| ૭ | શીંગફાડા | ૧૨૨૫ | ૧૩૦૫ |
| ૮ | મગફળી | ૮૨૫ | ૯૬૮ |
| ૯ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૧૫ |
| ૧૦ | સોયાબીન | ૭૬૭ | ૮૨૫ |
| ૧૧ | જુવાર | ૪૧૨ | ૫૦૦ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ૧૩ | જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૩૫૨ | ૧૪૦૫ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમદાવાદ વિમાન દુર્ઘટનાનો લાઈવ વીડિયો

જે અહીં રહે છે. આર્યન ઈડરમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે અને વિમાન દુર્ઘટનાના દિવસે અમદાવાદ આવ્યો હતો. તે જે બિલ્ડિંગમાંથી વીડિયો બનાવવામાં આવ્યો હતો તે બિલ્ડિંગની નીચે રહેતો હતો અને માત્ર ૩ દિવસ પહેલા જ ઉપરની બિલ્ડિંગમાં શિફ્ટ થઈ ગયો હતો. આર્યનની બહેન પોલીસની પરીક્ષા આપવા આવી હતી અને સગીર પુસ્તકો ખરીદવા આવી હતી. જોકે, પ્રાપ્ત માહિતી મુજબ, જ્યારે તે સગીર સાથે વાત કરવા જઈ રહ્યો હતો, ત્યારે પોલીસ આવીને તેને લઈ ગઈ.

પાના ૮ ઉપરનું ચાલું

## એર ઈન્ડિયાનો મોટો નિર્ણય

માટે 'AI 171' ના બદલે 'AI 159' ફ્લાઈટ નંબરનો ઉપયોગ કરવામાં આવશે. બુકિંગ સિસ્ટમમાં જરૂરી ફેરફારો શુક્રવારે જ કરી દેવામાં આવ્યા છે.

એર ઈન્ડિયા એક્સપ્રેસે પણ પોતાની ફ્લાઈટ નંબર '171'ને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે ફ્લાઈટ નંબર '171' ને બંધ કરવાનો મતલબ દિવંગત આત્માઓ પ્રત્યે સન્માનનું પ્રતીક છે. આ પહેલા ૨૦૨૦ માં પણ એર ઈન્ડિયા એક્સપ્રેસે કોઝિકોડમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા વિમાનના ફ્લાઈટ નંબરનો ઉપયોગ કરવાનું બંધ કરી દીધું હતું. તે દુર્ઘટનામાં ૨૧ લોકોના મોત નીપજ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## દુર્ઘટનાને કારણે રનવેને

વિમાને બપોરે ૧:૩૯ વાગ્યે ટેકઓફ કર્યું હતું અને થોડી જ સેકન્ડમાં ૬૫૦ ફૂટની ઊંચાઈએ પહોંચીને ઊંચાઈ ગુમાવવા લાગ્યું હતું. ૧:૩૯ વાગ્યે જ પાયલટે એટીસીને મેડેની સૂચના આપી હતી. જ્યારે એટીસીએ વિમાન સાથે સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો તો તેનો કોઈ જવાબ મળ્યો નહીં. બરાબર એક મિનિટ પછી એરપોર્ની નજીક આવેલા મેઘાણીનગરમાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

તેઓએ જણાવ્યું કે, દુર્ઘટનાને કારણે રનવેને બપોરે ૨:૩૦ વાગ્યે બંધ કરવામાં આવ્યો હતો અને તમામ પ્રોટોકોલ પૂર્ણ કર્યા બાદ સાંજે ૫ વાગ્યે રનવે ફરીથી ખોલવામાં આવ્યો હતો. આશરે ત્રણથી સાડા ત્રણ વાગ્યાની આસપાસ અમારા નાગરિક ઉડ્ડયન મંત્રાલયની આખી ટીમ અને મંત્રી કંટ્રોલ રૂમમાં પહોંચી ગયા હતા અને સાંજે ૬ વાગ્યાની આસપાસ આખી ટીમ, જેમાં તમામ અધિકારીઓ સામેલ હતા, તેઓ ઘટનાસ્થળે હાજર હતા. સમર કુમાર સિન્હાએ જણાવ્યું કે, ૬ વાગ્યે જ્યારે અમે ઘટના સ્થળે પહોંચ્યા, ત્યાં સુધીમાં આગ ઓલવાઈ ગઈ હતી. અમારું ફ્લાઈટ ડેટા રેકોર્ડર એટલે કે બ્લેક બોક્સ મળી ગયું છે. તપાસ ચાલું છે. છછૈંમ્ ઘટનાની તપાસ કરશે. વધુ એક હાઈ-લેવલ કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ સામેલ છે. આ ટીમ એવિએશન સિક્યોરિટી અને તેને કેવી રીતે વધુ મજબૂત બનાવવામાં આવી શકે છે તેની સમીક્ષા કરશે.

આ દુર્ઘટના મામલે ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડૂએ કહ્યું કે, વિમાનનું બ્લેક બોક્સ મળી ગયું છે અને તેની તપાસ કરવામાં આવી રહી છે. તો આ દુર્ઘટનાની તપાસ કરવા માટે કમિટીની રચના કરવામાં આવી છે. વિમાન દુર્ઘટનાની તપાસ ઝડપથી કરવામાં આવી રહી છે.



## –: જાહેર નોટિસ :–

અમો **અમિત ડી.પંડયા ( એડવોકેટ )** આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલે **અમરેલી** જિલ્લાના **ખાંભા** તાલુકાના **ગામ : ખડાધાર**ના નીચે મુજબ સર્વે નંબરો વાળી ખેતીની જમીન નીચે લખ્યા આસામીઓ પાસેથી ખરીદ કરવા નક્કી કરેલ છે.

| ક્રમ | સર્વે નં. | ક્ષેત્રફળ (હેકટરમાં) | વેચનાર પાર્ટીનું નામ | ખેતરનું નામ |
|---|---|---|---|---|
| (૧) | ૭૮/૩ પૈકી ૩/પૈકી ૧ | ૧–૬૧–૮૬ | (૧) શ્રી જગદીશભાઈ મનસુખભાઈ વાઘાણી<br>(૨) શ્રી બીપીનભાઈ મનસુખભાઈ વાઘાણી<br>(૩) શ્રી અનીલભાઈ મનસુખભાઈ વાઘાણી | |
| (૨) | ૭૮/૩ પૈકી ૨<br>૭૮/૩ પૈકી ૩ | ૦–૮૭–૦૧<br>૧–૬૭–૯૬ | (૧) શ્રી મનસુખભાઈ દુદાભાઈ વાઘાણી | |
| (૩) | ૭૮/૩ પૈકી ૪ | ૩–૮૮–૫૦ | (૧) શ્રી વિરજીભાઈ ભગવાનભાઈ વાઘાણી<br>(૨) શ્રી કાંતાબેન વીરજીભાઈ વાઘાણી<br>(૩) શ્રી જયાબેન વીરજીભાઈ વાઘાણી<br>(૪) શ્રી ગીતાબેન વીરજીભાઈ વાઘાણી<br>(૫) શ્રી સુરેશભાઈ વીરજીભાઈ વાઘાણી<br>(૬) શ્રી રસીકભાઈ વીરજીભાઈ વાઘાણી<br>(૭) શ્રી કૈલાસબેન વીરજીભાઈ વાઘાણી<br>(૮) શ્રી ઈન્દુબેન વીરજીભાઈ વાઘાણી | |
| **મળી કુલ જમીન હે.આરે. ચો.મી. ૮–૦૫–૩૩** | | | | |

ઉપરોકત વિગતેની ખેતીની જમીનના માલીકી ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હક્ક, હિત હિસ્સો, ભાગલાગ, દરદાવો, વારસાઈ હક્ક કે ભરણ–પોષણનાં હક્ક કે કોઈનું લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, અધિકાર હોય, તો આ નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૧૦ માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વાંધો તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ વેચાણ, વ્યવહાર પુર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈનાં હક્ક, દાવા મારા અસીલને શુધ્ધબુદ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં. જેની આથી લાગતા – વળગતા સર્વેએ નોંધ લેવી.

**અમિત ડી. પંડયા**
(એડવોકેટ, ખાંભા)


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૦ |
| ૩ | ચણા | ૯૬૫ | ૧૦૭૫ |
| ૪ | ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૫ | તલ | ૧૪૨૫ | ૧૮૦૦ |
| ૬ | તુવેર | ૧૦૦૯ | ૧૨૦૧ |
| ૭ | શીંગ ફાડા | ૯૦૦ | ૧૨૨૫ |

### ઉમેદવારો માટે આકરી ગરમી ચિંતાજનક બનશે

# વડોદરાના ૧૧૯ કેન્દ્રો પર ૩૫૦૦૦ ઉપરાંત ઉમેદવારો લોકરક્ષક કેડરની પરીક્ષા આપશે

### પોલીસ તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે પરીક્ષા આપવા આવનારા અન્ય વિભાગો સાથે પણ સંકલન સાધવામાં આવ્યું છે

વડોદરા,તા.૧૪

વડોદરા સહિત આખા ગુજરાતમાં આવતીકાલે તા.૧૫ જૂન, રવિવારે એલઆરડી(લોક રક્ષક દળ)ની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષાના આયોજન માટે વડોદરા શહેરમાં પોલીસ તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પરીક્ષા આપવા આવનારા અન્ય વિભાગો સાથે પણ સંકલન સાધવામાં આવ્યું છે.આજે પરીક્ષાની તૈયારીઓની પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે ચકાસણી કરી હતી. તેમણે પેપરો જ્યાં મૂકવામાં આવે છે તે સ્ટ્રોંગરૂમની પણ મુલાકાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, વડોદરા શહેરના ૧૧૯ કેન્દ્રો પર ૩૫૦૦૦ જેટલા ઉમેદવારો પરીક્ષા આપશે. આ ઉમેદવારો રાજ્યના અલગ અલગ જિલ્લામાંથી આવશે. તેમને તકલીફ ના પડે તે માટે રેલવે સ્ટેશન, એસટી ડેપો ખાતે હેલ્પ સેન્ટર પણ ઉભા કરવામાં આવશે. પરીક્ષાના પેપરો સેન્ટરો પર પહોંચાડવા માટે અને પાછા લાવવા માટેની કામગીરીનું ડીવાયએસપી કક્ષાના અધિકારીઓ મોનિટરિંગ કરશે. સાથે સાથે પોલીસ તંત્રના અધિકારીઓએ રીક્ષા ચાલકોના યુનિયનના હોદ્દેદારો તેમજ એસટી વિભાગના અધિકારીઓ સાથે પણ બેઠક યોજી હતી. ઉમેદવારો માટે સેન્ટ્રલ એસટી ડેપો અને નવલખી મેદાન ખાતે એસટી બસો મૂકવામાં આવનાર છે. ઉપરાંત રેલવે સ્ટેશન, બસ ડેપોની બહાર અને નવલખી મેદાન ખાતે પૂરતા પ્રમાણમાં રીક્ષાઓ ઉપલબ્ધ રહે તે માટે યુનિયનના હોદ્દેદારોને સૂચના આપવામાં આવી છે. નરસિમ્હા કોમારે વધુમાં કહ્યું હતું કે, ઉમેદવારો પરીક્ષા સમયે કેન્દ્રો પર સમયસર પહોંચી શકે તેને ધ્યાનમાં રાખીને ટ્રાફિક જામ ના સર્જાય તે માટે પણ પોલીસ તંત્ર સતર્ક રહેશે. સાથે સાથે પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરની અંદર ફોટો કોપી સેન્ટરો બંધ રહે તેનું ધ્યાન રખાશે સાત જિલ્લામાંથી આવનારા ઉમેદવારો માટે ૪૦૦ એસટી બસોની ફાળવણી વડોદરા એસટીના વિભાગીય એસટી નિયામક વિકલ્પ શર્માએ કહ્યું હતું કે, વડોદરામાં મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, ભાવનગર એમ સાત જિલ્લાના ઉમેદવારો પરીક્ષા આપવા આવનાર છે. જેમને પાછા જવા માટે ૪૦૦ જેટલી એસટી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પૈકી બનાસકાંઠા અને મહેસાણાના ૧૪૦૦૦ ઉમેદવારો માટે નવલખી મેદાન ખાતે અને બાકીના જિલ્લાના ઉમેદવારો માટે સેન્ટ્રલ એસટી ડેપો ખાતે બસો મૂકવામાં આવશે. ઉમેદવારોને પોતાના જિલ્લા પ્રમાણે પરીક્ષા બાદ ઉપરોક્ત સ્થળોએ પહોંચવા માટે અપીલ કરવામાં આવી છે.ઉમેદવારો માટે આકરી ગરમી પણ પડકાર બની રહેશે. પરીક્ષાનો સમય તો ૯-૩૦ વાગ્યાનો છે પણ પરીક્ષા બપોરે ૧૨-૩૦ સુધી ચાલનાર છે. પરીક્ષા સવારે હોવાથી ઘણા ઉમેદવારો આગલા દિવસથી જ વડોદરામાં આવી ગયા છે.

### ગુજરાતના ૨ વિદ્યાર્થી ટોપ ૧૦માં

# NEET-UG ૨૦૨૫ પરિણામ જાહેર, રાજસ્થાનનો મહેશ દેશમાં ટોપર

### ૭૫ વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર નહીં થાય

નવી દિલ્હી, તા.૧૪

નેશનલ ટેસ્ટિંગ એજન્સી **(NTA)**એ ૧૪ જૂન, ૨૦૨૫ના દિવસે **NEET UG 2025**નું પરિણામ જાહેર કર્યું છે. જેમાં રાજસ્થાનના હનુમાનગઢના મહેશ કેશવાનીએ પહેલો ક્રમ મેળવ્યો છે અને ઈન્દોરના ઉત્કર્ષ અવધિયાએ બીજો ક્રમ મેળવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ઈન્દોર કેન્દ્રો પર **NEET UF** પરીક્ષા આપનારા ૭૫ ઉમેદવારોએ ફરિયાદ કરી હતી કે, ૪ મેના દિવસે તોફાન અને વીજ પુરવઠો ખોરવાઈ જવાના કારણે તેમનું પેપર બગડ્યું હતું. આ વિદ્યાર્થીઓની ફરિયાદના આધારે મધ્ય પ્રદેશ હાઈકોર્ટમાં ૯ જૂને સુનાવણી થઈ હતી. કોર્ટે કહ્યું હતું કે, **NTA** આ ૭૫ ઉમેદવારો સિવાયના પરિણામ જાહેર કરી શકે છે.

ટૉપ ૧૦ લિસ્ટ

રેન્ક ૧: મહેશ કુમાર, ૯૯.૯૯૯૯૫૪૭ પર્સન્ટાઈલ, રાજસ્થાન

રેન્ક ૨: ઉત્કર્ષ અવધિયા, ૯૯.૯૯૯૯૦૯૫ પર્સન્ટાઈલ, મધ્ય પ્રદેશ

રેન્ક ૩: કૃષાંગ જોશી, ૯૯.૯૯૯૮૧૮૯ પર્સન્ટાઈલ, મહારાષ્ટ્ર

રેન્ક ૪: મૃણાલ કિશોર ઝા, ૯૯.૯૯૯૮૧૮૯ પર્સન્ટાઈલ, દિલ્હી

રેન્ક ૫: અવિકા અગ્રવાલ, ૯૯.૯૯૯૬૮૩૨ પર્સન્ટાઈલ, દિલ્હી

રેન્ક ૬: જેનીલ વિનોદભાઈ ભાયાણી, ૯૯.૯૯૯૬૮૩૨ પર્સન્ટાઈલ, ગુજરાત

રેન્ક ૭: કેશવ મિત્તલ, ૯૯.૯૯૯૬૮૩૨ પર્સન્ટાઈલ, પંજાબ

રેન્ક ૮: ઝા ભવ્ય ચિરાગ, ૯૯.૯૯૯૬૩૭૯ પર્સન્ટાઈલ, અમદાવાદ, ગુજરાત

રેન્ક ૯: હર્ષ કેદાવત, ૯૯.૯૯૯૫૪૭૪ પર્સન્ટાઈલ, દિલ્હી

રેન્ક ૧૦: આરવ અગ્રવાલ, ૯૯.૯૯૯૫૪૭૪ પર્સન્ટાઈલ, મહારાષ્ટ્ર

ઉમેદવારો **neet.nta.nic.in** પરથી પોતાના પરિણામ ચેક કરી શકે છે. રિઝલ્ટ ચેક કરવા માટે ઉમેદવારે પોતાનો રોલ નંબર અને જન્મતારીખ દાખલ કરવાની રહેશે. નોંધનીય છે કે, નીટ યુજી ૨૦૨૫ની પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી ત્રીજી જૂન, ૨૦૨૫ના દિવસે જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ ઉમેદવારોએ ૫ જૂન સુધી આન્સર કી સામે વાંધો ઉઠાવવાની તક આપવામાં આવી હતી,. ફાઈનલ આન્સર કી ૧૪ જૂને દાખલ કરવામાં આવી હતી.

નીટ ૨૦૨૫ની પરીક્ષાનું આયોજન ૪ મે, ૨૦૨૫ના દિવસે દેશભરમાં નિર્ધારિત પરીક્ષા કેન્દ્રો પર સિંગલ શિફ્ટમાં બપોરે ૨ વાગ્યાથે સાંજ ૫ વાગ્યા સુધી લેવામાં આવી હતી. ઉમેદવારોને પરીક્ષામાં ત્રણ સેક્શન ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજીના પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. ફિઝિક્સ અને કેમિસ્ટ્રિ સેક્શનમાંથી ૪૫-૪૫ પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા, જોકે બાયોલોજી સેક્શનમાંથી ૯૦ પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. ઉમેદવારોને કુલ ૧૮૦ અનિવાર્ય પ્રશ્ન પરીક્ષામાં પૂછવામાં આવ્યા હતા, જેનો કુલ અંક ૭૨૦ છે. નીટ ૨૦૨૫ પરીક્ષમાં વિદ્યાર્થીઓને સાચો જવાબ આપવા પર ૪ માર્ક્સ આપવામાં આવે છે અને કોઈપણ ખોટા જવાબ આપવા પર ૧ માર્ક નેગેટિવ માર્કિંગના રૂપે કાપવામાં આવે છે.

### ખોબલે-ખોબલે મત છતા મુસીબત જતી નથી

# જાફરાબાદ પાલિકાની પ્રિ-મોન્સુન કામગીરીને લઈને શહેરીજનોમાં નારાજગી

### શહેરીજનો જાગૃત બને તો શાસકો ગંભીર બને



જાફરાબાદ, તા.૧૪

જાફરાબાદ નગરપાલિકાની પ્રિ મોન્સુન કામગીરી ટલ્લે ચડી સામાકાંઠાના વિસ્તાર નર્કાગાર બન્યા ઘણા ખરા વિસ્તારોમાં કાદવ કીચડ અને ડ્રેનેજ પાણીના લીધે અહીંના નાગરિકોના આરોગ્ય સામે ગંભીર ખરતો ઉભો થયો છે. પરંતુ જવાબદાર નગરપાલિકા નિંદ્રાધીન બન્યું. પાલિકાને દરેક સ્તરે વેરા વસૂલાત કરવામાં આવી રહ્યા હોય પરંતુ નર્કાગાર જેવી સ્થિતિમાં સામાકાંઠાના વિસ્તારો શું આ બાબતે પાલિકા અસરકારક કામગીરી કરવામાં આવશે.? શું જાફરાબાદ નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન કામગીરી કરવામાં આવી છે..? હા તો કયાં કયાં વિસ્તારમાં..? અને ના તો શા માટે હજુ સુધી પ્રિ- મોન્સુન કામગીરી ચાલુ નહીં કરવામાં આવી..? સામાકાંઠા વિસ્તારોમાં વોર્ડ નંબર ૪ માં આવેલ વિસ્તારોમાં જેવા કે લોકીવિણડો (હનુમાનજી મંદિર વિસ્તાર) તેમજ રામાપીર મંદિર વિસ્તાર તેમજ નકટાની વાવ આ તમામ વિસ્તારોમાં ડ્રેનેજ પાણી બારેમાસ ભરાયેલું રહેતું હોય પરંતુ જવાબદાર પાલિકા દ્વારા તે ભરાયેલા પાણીનો નિકાલ વર્ષો થવા છતાં નિકાલ કરવામાં આવ્યો નથી. અહીં રહેતા રહીશો ચોમાસા દરમિયાન ઘર આંગણે ભરાયેલા પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે. આ ડ્રેનેજ પાણી તથા ચોમાસા દરમિયાન ભરાયેલા પાણીના લીધે મચ્છરનો ઉપદ્રવ વધી રહ્યો છે. તેના લીધે બીમારીનો પણ સામનો કરી રહ્યા છે. અહીંના નાગરિકો પરંતુ જવાબદાર પાલિકાને આ વિસ્તારોમાં જતુંનાશક દવાઓનો પણ છંટકાવ કરવામાં આવતો નથી. આ વિસ્તારમાંથી સાફસફાઈથી લઈને તમામ ટેસ્ટ પાલિકાને ભરવા છતાં નર્કાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર હોય તેવું જોતા લાગી રહ્યું છે. થોડો ઘણો વરસાદ વરસે એટલે ગોઠણભેર પાણી ભરાઈ જતા હોય છે અને ચોમાસા દરમિયાન ધોધમાર વરસાદ વરસે એટલે આ તમામ વિસ્તારના લોકોનાં સ્વાથ્ય અધવચ્ચે ચડી જતા હોય છે. કારણ કે વરસાદના પાણી ઘરોમાં ઘૂસી જતાં હોય છે. ન કરે નારાયણને રાત્રીના સમયે જો વરસાદ પડવાને કારણે કોઈ અનિચ્છનિય ઘટના ઘટે તો જવાબદારી કોની..? કારણ કે અહીં વરસાદી પાણીનો નિકાલ કરવા માટે કોઈ પણ જાતની વ્યવસ્થા જવાબદાર પાલિકા દ્વારા કરવામાં આવી નથી. અહીંથી ચુંટાયેલા સભ્યો ફક્તને ફક્ત શેખી મારવામાં તથા મિટિંગમાં જવા માટે અને રોફ જમાવવા માટે જ વ્યસ્ત રહેતા હોય તો આ વિસ્તારોનાં નાગરિકોના પ્રાણપ્રશ્નો નિકાલ કરવા માટે જવાબદાર કેમ નથી લેતા અહીં ભરાતા ડ્રેનેજ પાણીના તળાવ ભરાઈ રહેતા હોવાથી જેને લઈ જનતા વિચાર કરવા મજબૂર બની રહી છે કે આપડે સિંગાપુરથી કેટલા દૂર છીએ..? ૨૦૨૪નું ચોમાસું અને તંત્ર તથા જાફરાબાદ નગરપાલિકાની કામગીરીને લઈ જે યાતનાઓ જાફરાબાદની જનતા એ ભોગવી છે. એ તમામ સમસ્યાઓ યાતનાઓનું પુનરાવર્તન થશે એનો કોઈ વિકલ્પ નથી આટલી હાડમારી અને યાતનાઓ જોયા બાદ પણ કોઈ ઠોસ કે યોગ્ય કાર્યવાહી ન કરવામાં આવી જે ખુબ જ દુ:ખદ કહીં શકાય રસ્તાઓની હાલત આજે પણ એવી ને એવી જ છે.


## ડો.જીવરાજ એન.મહેતા ગવર્મેન્ટ પોલીટેકનીક

લાઠી રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી ફોન નં.(૦૨૭૯૨) ૨૨૩૩૪૭

ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પ્રવેશ શરૂ....

ધોરણ-૧૦ પછી શું ? કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

તારીખ : ૧૭/૦૬/૨૦૨૫, મંગળવાર/ સમય : સવારે ૧૧:૦૦ કલાકે

સંસ્થા ખાતે ચાલતા અભ્યાસક્રમો

- સિવીલ એન્જીનિયરીંગ....... ( ૩૦ સીટ )
- ઈલેક્ટ્રીકલ એન્જીનિયરીંગ... ( ૬૦ સીટ )
- ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી.... ( ૬૦ સીટ )
- મિકેનીકલ એન્જીનિયરીંગ ........ ( ૩૦ સીટ )


### ઈઝરાયેલે ઈરાનના કેટલાક પરમાણુ સ્થળો પર હુમલા કર્યા

# ઇરાન-ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધના કારણે ભારતમાં પેટ્રોલની કિંમતો વધી શકે!

### આ હુમલાની સીધી અસરના ભાગરૂપે ફરી એક વાર સોનામાં અને ડોલરમાં ઝડપી રોકાણ થઈ શકે છે

નવી દિલ્હી, તા.૧૪

ઈઝરાયેલે ઈરાનના કેટલાક પરમાણુ સ્થળો પર હુમલા કર્યા છે. આ હુમલાથી આખી દુનિયાના માર્કેટમાં હડકંપ મચી ગયો છે. ભારત સહિત દુનિયાભરના શેરબજારોમાં તેની નકારાત્મક અસર પડી છે અને શેરબજાર તૂટ્યું પણ છે. રોકાણકારો સુરક્ષિત રોકાણની શોધમાં પોતાના પૈસા કાઢી રહ્યા છે. આ હુમલાની સીધી અસરના ભાગરૂપે ફરી એક વાર સોનામાં અને ડોલરમાં ઝડપી રોકાણ થઈ શકે છે. ભારતમાં ઈઝરાયેલ-ઈરાન યુદ્ધને લીધે પેટ્રોલના ભાવો પણ વધી શકે છે. જો આવું થાય છે તો તેની સીધી અસર ચીજવસ્તુઓને લાવવા-લઈ જવા પર પડશે અને તેની અસર જરુરી ચીજવસ્તુઓની કિંમતોમાં પણ વૃદ્ધિ થવાની શક્યતા છે. હજુ એક દિવસ પહેલા સામાન્ય ભારતીય ગ્રાહકોમાં આનંદ પ્રસરી ગયો હતો કે મોંઘવારી દર કેટલાક વર્ષોમાં સૌથી નીચલા સ્તરે ૨.૮૨ ટકા પર આવી ગઈ હતી. રિઝર્વ બેંકે પણ મોંઘવારી નિયંત્રણમાં હોવાનું જોઈને રેપો રેટમાં ઘટાડોની જાહેરાત કરી હતી. પરંતુ આ દરમિયાન અચાનક ઈઝરાયેલે ઈરાન પર હુમલો કરીને મામલાને નવી દિશા તરફ વાળી દીધો છે. ઈરાન વિશ્વનું ત્રીજી નંબરનો સૌથી મોટો તેલ ઉત્પાદક દેશ છે. આ હુમલા પછી બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ ૮.૮૪ ટકાથી વધીને ૭૫.૪૯ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા છે. ઈરાન પણ હુમલા પછી ચૂપ રહેશે નહીં. એ પણ ઈઝરાયેલને વળતો જવાબ આપશે. ઈરાન-ઈઝરાયેલ યુદ્ધમાં ઈરાનના તેલ કુવાઓને પણ નુકસાન પહોંચાડ્યું હોવાની શક્યતા છે. જો આવું થાય છે કે ક્રૂડ ઓઈલની કિંમતોમાં વધુ વધારો થઈ શકે છે. આ સમગ્ર ઘટનાક્રમની ભારત પર કેવી અસર પડશે? ભારત લગભગ ૪૦ દેશોમાંથી તેલ આયાત કરે છે. ૨૦૨૪માં ઓપેક દેશોએ ભારતને કુલ તેલ આયાતનો લગભગ ૫૧.૫ ટકા નિકાસ કરી હતી. પરંતુ ખાસ દેશોના હિસાબની રીતે જોઈએ તો ભારત સૌથી વધુ તેલ રશિયા પાસેથી ખરીદે છે. ઈરાન યુદ્ધના કારણએ ઓપેકના બીજા દેશોમાંથી ભારત તેલ વધુ ખરીદશે તો તેની કિંમતો વધી શકે છે. એટલા માટે ઈરાન પર કરેલા હુમલાની અસર ભારત પર પડી શકે છે. ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલ દ્વારા ઈરાનના પરમાણુ અને સૈન્યસ્થળો પર શુક્રવારે થયેલા હુમલા પછી તેલની કિંમતોમાં ઉછાળો આવ્યો છે. આ હુમલાથી બંને દેશોની વચ્ચે પૂર્ણ યુદ્ધનો ખતરો વધી ગયો છે. અમેરિકન બેન્ચ માર્ક કાચા તેલનો ૪.૯૭ ડોલર એટલે કે ૭.૩ ટકા વધીને ૭૨.૯૧ ડોલર પ્રતિ બેરલ થઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ બ્રેન્ટ ક્રૂડ ૪.૭૮ ડોલર વધીને ૭૪.૧૫ ડોલર પ્રતિ બેરલ થઈ ગયો, જે ૬.૬૭ ટકાની વૃદ્ધિ છે.

### ૧૫થી વધુ જિલ્લામાં યલો-ઓરેન્જ એલર્ટ

# ગુજરાતમાં આગામી ૫ દિવસ ભારે વરસાદની આગાહી

### ૧૭ જૂનના રોજ રાજ્યના ૧૨ જિલ્લામાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે

અમદાવાદ,તા.૧૪

રાજ્યમાં મધ્ય ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં ગરમી પડી રહી છે. જ્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદી માહોલ યથાવત્ છે, ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં આજે શનિવારે (૧૪ જૂન) સાબરકાંઠા, અરવલ્લી, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. ચાલો જાણીએ આગામી ૧૯ જૂન સુધી રાજ્યના કયા જિલ્લામાં કેવો રહેશે વરસાદી માહોલ.

હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે રવિવારે (૧૫ જૂન) ૧૫ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.જેમાં અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગીજવીજ સાથે અતિભારને વરસાદને પગલે ઑરેન્જ ઍલર્ટ અને રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં ગીજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં ૧૬ જૂને રાજકોટ, અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, વલસાડમાં અતિભારે વરસાદનું ઑરેન્જ ઍલર્ટ અને બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગીજવીજ સાથે ભારે વરસાદને લઈને હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. તમને જણાવી દઈએ કે, ૧૫-૧૬ જૂન દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘગર્જના સાથે ૩૦-૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવવાની આગાહી છે.

૧૭ જૂનના રોજ રાજ્યના ૧૨ જિલ્લામાં હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં અમદાવાદ, આણંદ, બોટાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, ડાંગ નવસારી અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે.

### મીડિયાટેકમાં મળી ઘણી ખામીઓ

# કરોડો સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી યુઝર્સ માટે સરકારે જાહેર કરી મોટી ચેતવણી

### ભારત સરકાર દ્વારા સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી માટે હાઈ રિસ્ક એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે

નવી દિલ્હી, તા.૧૪

વર્તમાન સમયમાં સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી દરેક લોકોના ઘરમાં સામાન્ય બની ગયા છે અને બંને ગેજેટ્સ આપણી ડેઈલી લાઈફમાં મહત્ત્વનો હિસ્સો બની ગયા છે. સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવીનો ઉપયોગ કરતા કરોડો યુઝર્સ માટે આ એક મહત્ત્વના સમાચાર છે. હકીકતમાં ભારત સરકાર દ્વારા સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી માટે હાઈ રિસ્ક એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જો તમે થોડી લાપરવાહી દાખવશો તો તમને મોટું [redacted]કે છે.
[redacted]ઈએ કે, ભારત સરકારની
[redacted] એજન્સી **CERT-In** દ્વારા
[redacted]ક એલર્ટ જારી કરવામાં
[redacted]જન્સીએ **MediaTek**
[redacted]માર્ટફોન, સ્માર્ટ ટીવી અને ઓડિયો ડિવાઈસને લઈને ચેતવણી જારી કરી છે. **CERT-In** મુજબ **MediaTek**ના ઘણા પ્રોડેક્ટ્સમાં કેટલાક પ્રકારની મોટી ખામીઓ છે, જેનો ઉપયોગ કરી સાયબર ગુનેગારો લોકોને નુકસાન પહોંચાડી શકે છે.

**CERT-In (Indian Computer Emergency Response Team)**ના કહેવા પ્રમાણે મીડિયાટેકના **Bluetooth, Wi-Fi** અને **IMS** સર્વિસમાં કેટલાક પ્રોબલેમ છે, જેમ કે, નલ પોઈન્ટર ડિરેફરન્સ, હીટ ઓવરફ્લો જેવી અનેક ખામીઓ જોવા મળી છે. એજન્સીના કહેવા પ્રમાણે આ ખામીઓનો ફાયદો ઉઠાવીને સાયબર ગુનેગારો સરળતાથી ડિવાઈસ સુધી પહોંચી શકે છે અને ડિવાઈસને કન્ટ્રોલ કરી શકે છે. હાઈ રિસ્ક એલર્ટ જાહેર કરવાની એટલા માટે જરુર પડી કારણ કે, આ ખતરો માત્ર સ્માર્ટફોન પુરતો મર્યાદિત નથી પરંતુ આ વખતે આ ખતરો મીડિયાટેકવાળા સ્માર્ટ ટીવી અને ઓડિયો ડિવાઈસ પર પણ રહેલો છે. ઉલ્લેખનીય છે કે, આ બગ્સની પુષ્ટિ મીડિયાટેક દ્વારા પણ કરવામાં આવી છે. કંપનીએ તેના માટે સંબંધિત સિક્યુરિટી મેસેજ મોકલવાનું શરુ કરી દીધુ છે. સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી સહિત અન્ય પ્રોડેક્ટનો ઉપયોગ કરનારા યુઝર્સને સલાહ આપવામાં આવે છે કે, જેવું નવું અપડેટ આવે કે તરત તેને ઈન્સ્ટ્રોલ કરી દો. તેના માટે સૌથી પહેલા તમારા સ્માર્ટફોનના સેટિંગમાં જાઓ અને સોફ્ટવેર અપડેટ ચેક કરો. એજન્સીએ યુઝર્સને થર્ડ પાર્ટી એપ અથવા અન્ય કોઈ બીજી વેબસાઈટથી એપ ડાઉનલોડ ન કરવાની સલાહ આપવામાં આવી છે.

### ખૂબ જ દુ:ખદ ઘટનાથી અમને આઘાત લાગ્યો : એર ઈન્ડિયા

# ટાટા ગ્રુપ અને એર ઈન્ડિયા મૃતકોના પરિવારને આપશે કુલ રૂ.૧.૨૫ કરોડની સહાય

### એરલાઈન્સે દુર્ઘટનાના પીડિત પરિવારોને તાત્કાલીક રાહત આપવા માટે ૨૫-૨૫ લાખ રૂપિયાની વચગાળાની સહાય આપવાની સત્તાવાર જાહેરાત કરી

અમદાવાદ,તા.૧૪

અમદાવાદમાં ૧૨ જૂનના રોજ લંડન જતી એર ઈન્ડિયાની ડ્રીમલાઈનર વિમાન દુર્ઘટનામાં ૨૪૨ લોકો સવાર હતા, જેમાંથી માત્ર એક જ મુસાફર બચી શક્યો હતો.

વિમાન મેડિકલ કોલેજ હોસ્ટેલ સાથે અથડાતા ત્યાં હાજર અનેક લોકોના પણ મોત થયા છે. આ કરુણ ઘટના બાદ એર ઈન્ડિયાએ પીડિત પરિવારોને મદદ કરવાની જાહેરાત કરી છે. એરલાઈન્સે દુર્ઘટનાના પીડિત પરિવારોને તાત્કાલીક રાહત આપવા માટે ૨૫-૨૫ લાખ રૂપિયાની વચગાળાની સહાય આપવાની આજે સત્તાવાર જાહેરાત કરી છે.

એર ઈન્ડિયાએ કહ્યું કે, અમે આ દુ:ખ સમયમાં પીડિત પરિવારોની સાથે ઉભા છીએ. અમારા કર્મચારીઓ તેઓને તમામ મદદ કરવા માટે સતત કામ કરી રહ્યા છે. આ દુ:ખદ ઘટનાથી અમને આઘાત લાગ્યો છે. અમે જીવ ગુમાવનારાઓના પરિવારજનો સાથે શોક વ્યક્ત કરીએ છીએ. અમે પીડિતોના પરિવારને તાત્કાલીક રાહત આપવાની જાહેરાત કરી છે, જે તેમના મુશ્કેલ સમયમાં સહારો બનવાનો અમારો પ્રયાસ છે.

આ પહેલા ટાટા ગ્રુપે આ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દરેક વ્યક્તિના પરિવારને રૂ. ૧ કરોડની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ ટાટા ગ્રુપે સ્પષ્ટતા કરી છે કે દુર્ઘટના સમયે કોલેજ હોસ્ટેલના પરિસરમાં હાજર જે લોકોએ જીવ ગુમાવ્યો છે તે લોકોને પણ રૂ. ૧ કરોડની આર્થિક સહાય આપવામાં આવશે.

અમદાવાદમાં (૧૨ જુને) થયેલા પ્લેન ક્રેશમાં ૨૬૫ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં ૨૪૧ લોકો પ્લેનમાં સવાર હતા, જ્યારે અન્ય ૨૪ સ્થાનિકો ક્રેશનો ભોગ બન્યા હતાં. એર ઈન્ડિયાનું આ વિમાન ૧૧ વર્ષ જૂનુ હતું. જે ટૅકઑફની બે મિનિટમાં જ ધડાકાભેર બીજે મેડિકલની હોસ્ટેલમાં અથડાયું હતું. તેની આસપાસની ઈમારતોમાં પણ નુકસાન થયુ હતું. વિમાનનું બ્લેક બોક્સ કાટમાળમાંથી મળી આવ્યું છે. જેના પરથી દુર્ઘટનાનું કારણ જાણવામાં મદદ મળશે. કેન્દ્ર સરકારે પ્લેન ક્રેશની તપાસ કરવા માટે ઉચ્ચસ્તરીય સમિતિ રચી છે.

# બચી ગયેલા મુસાફરે જણાવી અંતિમ પળોની ખૌફનાક વાત

અમદાવાદ, તા.૧૪

અમદાવાદમાં ૧૨ જૂનના રોજ થયેલા વિમાન અકસ્માતમાં મૃત્યુઆંક હવે ૨૭૫ સુધી પહોંચ્યો છે. એર ઈન્ડિયાના બોઈંગ ૭૮૭-૮ વિમાન સરદાર પટેલ એરપોર્ટથી ટેકઓફ તો થયું પરંતુ ગણતરીની પળોમાં મેઘાણીનગરના રહેણાંક વિસ્તારમાં તૂટી પડ્યું. વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા જેમાંથી ૨૪૧ લોકો મોતને ભેટ્યા અને એકમાત્ર વ્યક્તિ રમેશ વિશ્વાસકુમાર બચી ગયો.આટલા ડેડલી અને ભયાનક અકસ્માતમાં પણ પોતે કેવી રીતે બચી ગયો તેના વિશે વિશ્વાસકુમાર રમેશને આશ્ચર્ય છે. તેઓ પોતે પણ માને છે કે તે આ અકસ્માતમાંથી જીવતા બહાર કેવી રીતે નીકળાય તે માન્યમાં આવે તેવું નથી. આ દરમિયાન આ યાત્રીએ વિમાન ટેકઓફ થયું ત્યારબાદ તૂટી પડ્યું તે વચ્ચેની પળો વિશે પણ ખુલાસો કર્યો છે. મૂળ દીવના પરંતુ વર્ષોથી બ્રિટનમાં સ્થાયી થયેલા વિશ્વાસકુમાર રમેશના પત્ની અને બાળક લંડનમાં છે. છ મહિના પહેલા ભાઈ અજય ભાલિયા સાથે ભારત આવ્યા હતા અને ૧૨ જૂને એર ઈન્ડિયાની આ ફ્લાઈટમાં પાછા લંડન રવાના થઈ રહ્યા હતા. બચી ગયેલા મુસાફરનું કહેવું છે કે પ્લેન જ્યારે ટેકઓફ થયું ત્યારબાદ તરત જાણે પાંચ દસ સેકન્ડ માટે સ્ટક થઈ ગયું હતું. ત્યારબાદ પ્લેમાં સફેદ અને લીલી લાઈટો ચાલુ થઈ ગઈ. પછી પ્લેનને ટેકઓફ કરવા માટે વધુ રેઝ જાણે અપાતું હોય તેવું લાગ્યું. કઈક વિચારો તેટલામાં તો પ્લેન સીધુ ડોક્ટરોની હોસ્ટલ પર જઈને તૂટી પડ્યું. ચમત્કારિક રીતે બચી ગયેલા મુસાફર વિશ્વાસકુમાર રમેશનું કહેવું છે કે તેની સીટ જે બાજુ હતી તે બાજુનો પ્લેનનો ભાગ નીચે એટલે કે ગ્રાઉન્ડ ફ્લોર પર હતો. તથા વિમાનની બહાર જગ્યા પણ હતી જેથી કરીને જ્યારે તેની બાજુનો દરવાજો તૂટ્યો અને તેણે જોયું તો બહાર જગ્યા દેખાઈ. બહાર જવાનો પ્રયત્ન કર્યો અને પછી તે બહાર નીકળી ગયો. જ્યારે અન્ય મુસાફરો બાજુ દીવાલ હોવાથી નીકળી શક્યા નહીં. આ મુસાફરે તેની નજર સામે કેટલાક લોકોને ખતમ થઈ જતા જોયા અને પોતે કેવી રીતે બચી ગયો તે હજુ પણ તેના માટે આશ્ચર્યની વાત છે. આ ઘટના દર્શાવે છે કે રામ રાખે તેને કોણ ચાખે?આ બધા વચ્ચે વિમાન ક્રેશ થવા પાછળ અનેક સંભવિત કારણો પણ સામે આવી રહ્યા છે. જેમાં એન્જિન ફેઈલ, બર્ડ હીટ, લેન્ડિંગ ગીયર ન ઉઠવું, ખોટા સમયે ખોટું ટેકઓફ ફ્લેપ કન્ફ્યુગરેશન, કે ભૂલથી ચાલુ એન્જન બંધ કરી દેવું જેવા સામેલ છે. જો કે અકસ્માતના ૨૮ કલાક બાદ એર ઈન્ડિયાના આ દુર્ઘટનાગ્રસ્ત વિમાનનું બ્લેક બોક્સ મળી ગયું છે. હવે તેના ડેટાને એનાલિસિસ કરાશે અને ખબર પડશે કે અકસ્માત પાછળ શું કારણ હતું.

### [redacted]ંદિરમાં મહામૃત્યુંજય મંત્રના જાપ કરાયા

# [redacted]થ મંદિરે મૃતકોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરાઈ

### [redacted]મૃત્યુંજય મંત્ર જાપ અને શાંતિપાઠ દ્વારા દિવંગત [redacted]ાઓના મોક્ષ માટે પ્રાર્થના કરવામાં આવી છે

[redacted]ા.૧૪

[redacted]મદાવાદ પ્લેન ક્રેશની
[redacted]વ ગુમાવનારા તમામ
[redacted]ાત્માની શાંતિ માટે
[redacted]રમાં શાંતિપાઠ કરવામાં
[redacted]સોમનાથ મંદિર ખાતે
[redacted]પમો અધ્યાય અને
[redacted]ંત્રનો જાપ કરવામાં આવી
[redacted]યાહ્ન આરતીમાં વિશેષ
[redacted]ાં આવ્યો છે. સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. મંદિરના પૂજારીઓ, સ્થાનિક તીર્થ પુરોહિતો અને ભક્તોએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના પુરુષોત્તમ યોગનો પાઠ કર્યો છે. મહામૃત્યુંજય મંત્ર જાપ અને શાંતિપાઠ દ્વારા દિવંગત આત્માઓના મોક્ષ માટે પ્રાર્થના કરવામાં આવી છે.જણાવી દઈએ કે મધ્યાહ્ન આરતી દરમિયાન મૃતકોની આત્માની શાંતિ માટે વિશેષ સંકલ્પ લેવામાં આવ્યો છે. આ દરમિયાન ઉપસ્થિત તમામ યાત્રાળુઓ, પૂજારીગણ અને ટ્રસ્ટ પરિવારે સોમનાથ મહાદેવને દુર્ઘટનાના ભોગ બનેલા તમામ મૃતકોની આત્માઓની શાશ્વત શાંતિ માટે પ્રાર્થના કરી છે. આ ધાર્મિક વિધિ દ્વારા દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવામાં આવી છે.




### અકસ્માતના કારણો અંગે ટેકનિકલ તપાસ શરૂ

# ૧૧ સેકન્ડની ભૂલથી ૨૬૫ લોકોના મોત! ગિયર અપ બન્યો મોતનો સંકેત

**અમદાવાદ પ્લેન ક્રેશ મામલે કેપ્ટન સ્ટીવ માને છે કે ટેકઓફ પછી તરત જ માનવીય ભૂલને કારણે આ અકસ્માત થયો હશે**

નવી દિલ્હી, તા.૧૪

ભારતના ઈતિહાસમાં સૌથી ખરાબ વિમાન દુર્ઘટના બની છે, જ્યારે એર ઈન્ડિયા પ્લેન અમદાવાદથી લંડન માટે ઉડાન ભર્યાની મિનિટોમાં તૂટી પડ્યું હતું. વિમાન એરપોર્ટથી થોડા કિલોમીટર દૂર સ્થિત એક મેડિકલ હોસ્ટેલમાં અથડાયું હતું, જેના કારણે માત્ર વિમાન જ બળીને રાખ થઈ ગયું નહીં, પરંતુ હોસ્ટેલને પણ ભારે નુકસાન થયું હતું.

આ ભયાનક અકસ્માતમાં ૨૬૫ લોકોએ જીવ ગુમાવ્યા. વિમાનમાં કુલ ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો હતા, જેમાંથી ૨૪૧ લોકોના મોત થયા હતા, જ્યારે મેડિકલ હોસ્ટેલના ૨૪ લોકો પણ આ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. આ અકસ્માતમાં ફક્ત એક જ મુસાફર વિશ્વાસ કુમાર રમેશ બચી શક્યો હતો, જે હાલમાં હોસ્પિટલમાં દાખલ છે અને તેમની હાલત સ્થિર હોવાનું કહેવાય છે.

દુનિયાભરના વિમાન નિષ્ણાતો આ અકસ્માતના કારણોની તપાસ કરી રહ્યા છે. અમેરિકન અને બ્રિટિશ તપાસ એજન્સીઓ પણ

અનુસંધાન પાના ૬ ઉપર

### ઉડ્ડયન મંત્રાલયના સચિવ સમર કુમાર સિન્હાએ જણાવ્યું

# દુર્ઘટનાને કારણે રનવેને બપોરે ૨:૩૦ વાગ્યે બંધ કરવામાં આવ્યો હતો

**વિમાને બપોરે ૧:૩૯ વાગ્યે ટેકઓફ કર્યું હતું અને થોડી જ સેકન્ડમાં ૬૫૦ ફૂટની ઊંચાઈએ પહોંચીને ઊંચાઈ ગુમાવવા લાગ્યું**

નવી દિલ્હી, તા.૧૪

અમદવાદમાં ૧૨ જૂનના રોજ સર્જાયેલી વિમાન દુર્ઘટના પર આજે ઉડ્ડયન મંત્રાલયે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન વિમાન દુર્ઘટના સંબંધિત તમામ માહિતી આપવામાં આવી.

આ દરમિયાન ઉડ્ડયન મંત્રાલયના સચિવ સમર કુમાર સિન્હાએ જણાવ્યું કે, ૧૨ જૂનના રોજ એર ઈન્ડિયાનું વિમાન દુર્ઘટનાનો શિકાર બન્યું હતું. આ એક લંડન જતી શેડ્યૂલ ફ્લાઈટ હતી. જેમાં ૨૪૨ લોકો હતા. જેમાં બે પાયલટ અને ૮ ક્રૂ-મેમ્બર્સ હતા. વિમાને અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી. એરપોર્ટથી લગભગ ૨ કિલોમીટર દૂર આ વિમાન દુર્ઘટનાનો શિકાર બન્યું હતું.

ઉડ્ડયન મંત્રાલયના સચિવ સમર કુમાર સિન્હાએ જણાવ્યું કે, આ

અનુસંધાન પાના ૬ ઉપર

# ગૌમાતાને સલામત સ્થળે ખસેડો



અમરેલી શહેરમાં અંદાજિત ૨૫૦૦ જેટલી ગૌ–માતાઓ અને આખલાઓ જાહેર માર્ગ ઉપર ભટકીને અકસ્માતનું કારણ અને અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ઘાસચારો અને પાણી માટે ભટકતી ગૌ–માતાનાં હિતમાં એકપણ ગૌ–પ્રેમી ગૌ–માતાને સલામત સ્થળે પહોંચાડવાની કામગીરી કરતા નથી અને પાલિકાનાં શાસકો પણ ગંભીરતા દાખવતા નથી.

### દરેક એન્ગલથી તપાસ થશે : એવિએશન મિનિસ્ટર

# અમદાવાદ પ્લેન ક્રેશનો તપાસ રિપોર્ટ ત્રણ મહિનામાં સોંપાશે

**૬૫૦ ફૂટની ઊંચાઈએ વિમાન ઉડી રહ્યું હતું અને તે સમયે વિમાનમાં ખામી સર્જાતા પાઈલટે MAY DAYનો સંદેશ આપ્યો હતો : રામ મોહન નાયડુ**

નવી દિલ્હી, તા.૧૪

અમદાવાદ પ્લેન ક્રેશ મામલે ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે ૬૫૦ ફૂટની ઊંચાઈએ વિમાન ઉડી રહ્યું હતું અને તે સમયે વિમાનમાં ખામી સર્જાતા પાઈલટે MAY DAY નો સંદેશ આપ્યો હતો. પાઈલટે ઈમરજન્સી હોવાની જાણકારી આપી હતી. આ મામલે ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે પ્લેન ક્રેશ થતાં પહેલા પાઈલટે ઈમરજન્સી સ્થિતિની જાણકારી આપી હતી. ATC તરફથી એ મેસેજનો કોઈ જવાબ મળ્યો નહોતો. ઉડ્ડયન મંત્રીના જણાવ્યાનુસાર વિમાને ૧:૩૯ વાગ્યે ઉડાન ભરી હતી અને ૧:૪૦ વાગ્યે વિમાન ક્રેશ થઈ ગયું હતું. એરપોર્ટથી ઉડાન ભર્યા બાદ વિમાન બે કિ.મી. દૂર તૂટી પડ્યું હતું.

ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે ગૃહ સચિવના નેતૃત્વમાં એક કમિટીની રચના કરવામાં આવી છે. આ હાઈ લેવલની કમિટી ત્રણ મહિનામાં તેનો રિપોર્ટ સોંપશે. તપાસ સમિતિમાં ડીજીસીએ અને આઈબીના અધિકારીઓને પણ સામેલ કરાયા છે. ગઈકાલે સાંજે પાંચ વાગ્યે બ્લેક બોક્સ પણ મળી આવ્યું હતું જેના પરથી વિમાન દુર્ઘટના પહેલા છેલ્લી ઘડીએ શું થયું હતું તે જાણી શકાશે.

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે, પ્લેન ક્રેશ થયા બાદ પ્રચંડ વિસ્ફોટ થયો હતો અને તેના કારણે આગ ફેલાઈ ગઈ હતી. આગને કાબૂમાં લેતા લેતા ૬ વાગી

અનુસંધાન પાના ૬ ઉપર

### તપાસને લઈને કરી મોટી માંગ

# વિમાન દુર્ઘટનામાં અમિતાભ બચ્ચનના નજીકના સ્વજનનું મોત

**અમિતાભ બચ્ચને તેમના એક બ્લોગમાં લખ્યું હતું કે, એર ઇન્ડિયા અકસ્માતથી હું ખૂબ જ દુઃખી અને વ્યથિત છું**

મુંબઈ, તા.૧૪

બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચને એર ઈન્ડિયા વિમાન ક્રેશ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૧ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનાથી દેશ સ્તબ્ધ છે. તો જે લોકોએ પોતાના પરિવારજનોને ગુમાવ્યા તેના દુખનો અંદાજ પણ આપણે ન લગાવી શકીએ. સતત આ મામલામાં અપડેટ્સ આવી રહ્યાં છે. આ વચ્ચે હવે અમિતાભ બચ્ચને કહ્યુ કે તે ખૂબ દુખી છે અને તેમણે પ્રાર્થના કરી છે કે આ દુખ આપણે એક કરે, તેથી આપણે તે લોકોને સન્માન આપી શકીએ જેમણે પોતાના

અનુસંધાન પાના ૬ ઉપર

### પટના કોલેજમાં સાથીઓની આંખો ભીની થઈ

# અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં કેબિન ક્રૂ મનીષાનું નિધન

**આ દુર્ઘટનામાં પટનાની મનીષા થાપા, જે ફ્લાઇટમાં ક્રુ મેમ્બર તરીકે ફરજ બજાવી રહી હતી, તેમનું પણ કરુણ નિધન થયું છે**

અમદાવાદ,તા.૧૪

૧૨ જૂને (ગુરુવારે) બપોરે ૧:૩૯ વાગ્યે અમદાવાદમાં સર્જાયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાએ સમગ્ર દેશને સ્તબ્ધ કરી દીધો છે. આ દર્દનાક ઘટનામાં કુલ ૨૬૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો, જેમાં ૧૨ ક્રુ મેમ્બરનો પણ સમાવેશ થાય છે. આ દુર્ઘટનામાં પટનાની મનીષા થાપા, જે ફ્લાઈટમાં ક્રુ મેમ્બર તરીકે ફરજ બજાવી રહી હતી, તેમનું પણ કરુણ નિધન થયું છે.

મનીષા થાપાના અકાળે અવસાનના સમાચાર મળતા જ પટનામાં શોકની લહેર ફરી વળી હતી. જ્યાંથી તેણે અભ્યાસ કર્યો હતો તે કોલેજ શોકમય માહોલમાં ડૂબી ગયું હતું. કોલેજમાં શોકસભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં પ્રિન્સિપાલ ફાધર માર્ટિન પોરિસ અને કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે મનીષા એક હોશિયાર અને શિસ્તવાન વિદ્યાર્થીની હતી. છેલ્લે એક વર્ષ પહેલા પટના એરપોર્ટ પર તેની સાથે મુલાકાત થઈ હતી, ત્યારે તે પોતાના પ્રોફેશનલ કરિયરમાં આગળ વધી ચૂકી હતી. કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ પણ મનીષાની યાદોને વાગોળી હતી.

મનીષાની એક મિત્રએ જણાવ્યું હતું કે મનીષા ભણવામાં હોશિયાર હોવા ઉપરાંત એક શાનદાર

અનુસંધાન પાના ૬ ઉપર

### હંમેશા માટે હટાવ્યો ફ્લાઇટ નંબર ૧૭૧

# અમદાવાદ પ્લેન ક્રેશ બાદ એર ઈન્ડિયાનો મોટો નિર્ણય

**AI-૧૭૧ નંબરનો ક્યારેય ઉપયોગ કરવામાં નહીં આવે**

નવી દિલ્હી, તા.૧૪

૧૨ જૂને (ગુરુવાર) અમદાવાદમાં થયેલી ગોઝારી વિમાન દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. એર ઈન્ડિયાનું વિમાન AI-171 અમદાવાદમાં દુર્ઘટનાનો શિકાર બન્યું હતું. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૬૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ દર્દનાક ઘટના બાદ એર ઈન્ડિયા વિમાન કંપનીએ એક મોટો નિર્ણય લીધો છે. એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા (AI) એક્સપ્રેસ ફ્લાઈટ નંબર '171' નો ક્યારેય ઉપયોગ નહીં કરે. શનિવારે સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર આ અકસ્માતમાં વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા. ઉડાન ભરતાંની સાથે દુર્ઘટનાગ્રસ્ત થયેલું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન અમદાવાદથી લંડન ગેટવિક માટે ફ્લાઈટ નંબર 'AI 171' તરીકે ઉડાન ભરી રહ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ એક સામાન્ય પ્રથા છે કે ઘાતક વિમાન દુર્ઘટનાઓ બાદ એરલાઈન્સ વિશેષ ફ્લાઈટ નંબરનો ઉપયોગ કરવામાં આવે છે. હવે ૧૭ જૂનથી અમદાવાદ-લંડન ગેટવિકની ફ્લાઈટ

અનુસંધાન પાના ૬ ઉપર

### વિમાન દુર્ઘટનાના ત્રીજા દિવસે નીચે ઉતારાયો

# હેવી ક્રેનની મદદથી પ્લેનનો તૂટેલો ભાગ નીચે ઉતારાયો

**ડોક્ટર મેસના બિલ્ડિંગમાં અટકેલો વિમાનનો પાછળનો ભાગ ઊતારાયો : બે હેવી ક્રેનની મદદથી પ્લેન ટેલને ઉતારઈ**

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ વિમાન દુર્ઘટનાના ત્રીજા દિવસે બીજે મેડીકલ કોલેજ હોસ્ટેલ ઈમારતમાં અટકેલો કાટમાળ નીચે ઊતારાયો છે. ડોક્ટર મેસના બિલ્ડિંગમાં અટકેલો વિમાનનો પાછળનો ભાગ નીચે ઊતારાયો. બે હેવી ક્રેનની મદદથી પ્લેન ટેલને નીચે ઉતારવામાં આવી હતી. સવારથી ચાલી રહેલી કાટમાળ હટાવવાની કામગીરી બપોરે ૩ કલાકે પૂર્ણ થઈ હતી.

લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટનો તૂટેલો ભાગ બીજે મેડિકલ કોલેજના ડોક્ટર્સ હોસ્ટેલની ઈમારતની છત પરથી નીચે ઉતારવામાં આવ્યો છે

અનુસંધાન પાના ૬ ઉપર

### વિમાન દુર્ઘટનાની તપાસ હવે તેજ થઇ ગઇ

# અમદાવાદ વિમાન દુર્ઘટનાનો લાઈવ વીડિયો બનાવનાર વ્યક્તિની અટકાયત કરાઈ

**પોલીસે ૧૭ વર્ષના આર્યનની અટકાયત કરી છે અમદાવાદ પોલીસે વીડિયો બનાવનાર વ્યક્તિને પોતાની સાથે લઈ લીધો છે**

અમદાવાદ,તા.૧૪

અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ હવે તેજ થઈ ગઈ છે. આ ક્રમમાં, અકસ્માતની તપાસ કરી રહેલી એજન્સીઓ હવે તે પાઈલટ્સનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહી છે.ત્યારે અમદાવાદ વિમાન દુર્ઘટનાનો લાઈવ વીડિયો બનાવનાર વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. સમાચાર આવ્યા છે કે અમદાવાદ પોલીસે ૧૭ વર્ષના આર્યનની અટકાયત કરી છે. અમદાવાદ પોલીસે વીડિયો બનાવનાર વ્યક્તિને પોતાની સાથે લઈ લીધો છે. ૧૨ જૂનના રોજ અમદાવાદના મેઘાણી નગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું. તે સમયે, મેઘાણી નગરના ૧૭ વર્ષના સગીરે બનાવેલા વીડિયોમાં આખી ઘટના કેદ થઈ ગઈ હતી. આર્યન નામના સગીરે મેઘાણી નગરમાં છગંજી કી વાડી પાસે જમીન પર તૂટી પડેલા વિમાનનો વીડિયો બનાવ્યો હતો.

આર્યન મનોરંજન માટે વીડિયો બનાવવા જઈ રહ્યો હતો અને વિમાન દુર્ઘટનાની ઘટના તેના મોબાઈલમાં કેદ થઈ ગઈ હતી. સગીરના પિતા નિવૃત્ત આર્મી મેમન છે

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)